તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય
Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

HAPPY Rakhi
Bond of care and love

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

વર્ષ : ૪૫ અંક : ૨૧૩ જૂનાગઢ તા.૨૧-૮-૨૦૨૧ શનિવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

## ૮૫ ભારતીય નાગરીકો સાથે એરફોર્સનું વિમાન કાબુલથી રવાના : વધુ ૨૦૦ લોકોને એરલીફ્ટ કરવા તૈયારી



કાબુલ તા. ૨૧

તાલિબાન શાસન વચ્ચે અફઘાનિસ્તાનમાં ભારતીયોની એરલિફ્ટ ચાલુ છે. સમાચાર એજન્સી ANIના સૂત્રોના જણાવ્યા અનુસાર, કાબુલ એરપોર્ટ ઉપરથી ૮૫ ભારતીયોને લઈને એરફોર્સના C-130J વિમાને આજે સવારે લગભગ ૧૦.૩૦વાગ્યે ઉડાન ભરી હતી. મીડિયા અહેવાલો અનુસાર, વધુ ૨૦૦ લોકોને લાવવાની તૈયારી કરવામાંઆવી રહી છે. એરફોર્સના C-17 વિમાનને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવ્યુ છે.

અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન વચ્ચે કાબુલ એરપોર્ટ ઉપર અફરાતફરી સર્જાયેલી છે. તમામ દેશો પોતાના નાગરિકોને ત્યાંથી બહાર કાઢવામાં વ્યસ્ત છે, તેથી અફઘાનો પણ તાલિબાનના ડરને કારણે દેશ છોડવા માગે છે. મીડિયા અહેવાલો અનુસાર, ૮૫ ભારતીયોને લઈને એરફોર્સના વિમાને કાબુલથી ઉડાન ભરી છે. તેઓ ૩ કલાકમાં ભારત પહોંચે તેવી આશા છે. કાબુલમાં ફસાયેલા લોકો તાલિબાનથી એટલા ભયભીત થઈ ગયા છે કે રસ્તા ઉપર કોઈ કાર જોતાં જ તેઓ પોતાના ઘરમાં બાથરૂમમાં પુરાઈ જાય છે. તેઓ ઘરોની લાઈટ અને મોબાઈલ ફોન બંધ કરીને પોતે બાથરૂમમાં પુરાઈ જાય છે. બાળકોનો અવાજ ન સાંભળાય એટલા માટે તેઓ પોતાના બાળકના મોં ઉપર કપડું બાંધી દે છે.

ન્યૂઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર, કાબુલમાં ફસાયેલા પરિવારના સંબંધીએ આ સ્થિતિ જણાવી છે. આ પરિવારના બે સભ્યોની ગત વર્ષોમાં તાલિબાનોએ હત્યા કરી હતી. આવી સ્થિતિમાં તાલિબાનોનો અવાજ સાંભળતાં જ આખો પરિવાર ભયભીત થઈ જાય છે. કાબુલમાં ફસાયેલા આવા પરિવારોના સંબંધીઓ જે અન્ય દેશોમાં છે તેઓ તેમની સરકારો પાસે મદદ માટેની વિનંતી કરી રહ્યા છે.

## ભારતીય નાગરીકો સહિત ૧૫૦ લોકોનું તાલીબાન દ્વારા અપહરણનાં અહેવાલો : કાબુલ એરપોર્ટ ઉપર ભારે અફરાતફરી

### તાલીબાનનાં પ્રવકતાએ ૧૫૦ લોકોનું અપહરણ કર્યુ હોવાનો ઈન્કાર કર્યો

કાબુલ તા. ૨૧ આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ કાબુલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ભારે હલચલ જોવા મળી રહી છે. આધારભૂત સુત્રોએ એવા અહેવાલ આપ્યા છે કે, અરેપોર્ટ ખાતેથી તાલીબાનોએ ભારતીય નાગરીકો સહિત ૧૫૦ લોકોનું અપહરણ કરી લીધું છે. ભારતીય નાગરીકોનું અપહરણ કરાયું હોવાના અહેવાલોએ ભારે હલચલ મચાવી દીધી છે. જો કે બીજી તરફ તાલીબાનનાં પ્રવકતાએ એવો દાવો કર્યો છે કે, કોઈપણ ભારતીય નાગરીકોનું અપહરણ કરવામાં આવ્યું નથી. કાબુલ એરપોર્ટ ખાતે ભારતીય વાયુસેનાનાં અધિકારીઓ અને સુરક્ષા અધિકારીઓ ઉપસ્થિત છે. જેઓ કાબુલમાં ફસાયેલા ભારતીય નાગરીકોને સહી સલામત વતન પરત લાવવા માટે સંભવીત તમામ પ્રયાસ કરી રહયા છે.

## ક્રુડનો ભાવ તળીયે પહોંચ્યો : પેટ્રોલ, ડીઝલમાં રાહત મળશે ?

નવી દિલ્હી તા. ૨૧

ક્રૂડ ઓઈલના ભાવ ઉપર સતત દબાણ છે. આ અઠવાડિયે અત્યાર સુધી ક્રૂડ ઓઈલના ભાવમાં ૭ટકા સુધીના ઘટાડા સાથે ખનીજ તેલનો ભાવ ત્રણ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. કોરોનાના વધતા જતા કેસો અંગે માંગ ચિંતિત છે. આ સિવાય ડોલરની મજબૂતીના કારણે ક્રૂડ ઓઈલ ઉપર પણ દબાણ વધ્યું છે. ક્રૂડ ઓઈલની નીચી કિંમતોનો અર્થ એ છે કે ભારતમાં પેટ્રોલ-ડીઝલના મોરચે રાહત મળી શકે છે.

છેલ્લા એક મહિનાથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. છેલ્લી વખત ૧૭ જુલાઈએ પેટ્રોલની કિંમતમાં ૩૦ પૈસા પ્રતિ લીટરનો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે ૧૭ જુલાઈએ પણ ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. આવી સ્થિતિમાં ક્રૂડ ઓઈલમાં નરમાઈના કારણે ભાવમાં ઘટાડો થવાની અપેક્ષા છે.

## આવતીકાલે રક્ષાબંધન અને પુનમ

અમદાવાદ તા. ૨૧

રક્ષાબંધનના દિવસે જ પૂનમ છે. માનવામાં આવે છે કે બ્લૂ મૂન પૂનમના દિવસે જ દેખાય છે. એક જ સીઝનની ચાર પૂનમમાંથી ત્રીજી કે અથવા તો કેલેન્ડર મુજબ બીજી પૂનમની રાત્રે પ્રગટ થતો ચંદ્ર બ્લૂ મૂન હોય છે. ઘણી વખત કેલેન્ડરમાં એક મહિનામાં બે પૂનમ હોય તો બીજી પૂનમે પ્રગટ થતા પૂર્ણ ચંદ્રને બ્લુ મૂન કહેવાય છે.

અલગ-અલગ સ્થળના વાતાવરણ અનુસાર બ્લૂ મૂનના રંગમાં પણ ફેરફાર થાય છે. આ બ્લૂ મૂન ક્યાંક થોડો સફેદ, હળવો લાલ, નારંગી કે પીળા રંગમાં પણ દેખાય છે. બ્લૂ મૂન પૂનમને પરંપરાગત રીતે વધારાની પૂનમ પણ કહેવાય છે.

એક વર્ષમાં બારના બદલે તેર પૂનમ આવે તેવું બહું ઓછું બને છે. માનવામાં આવે છે કે આ જ દિવસે લક્ષ્મી માતાનું અવતરણ થયું હતું અને આ જ દિવસે લક્ષ્મી માતા પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તેથી ઘણા લોકો આ દિવસે લક્ષ્મી માતાની પૂજા પણ કરે છે. સામાન્ય રીતે બધા લોકોએ એકબીજાની મદદ કરવી જોઈએ, પણ માનવામાં આવે છે કે આ દિવસે કરવામાં આવેલા દાનનું વિશેષ મહત્ત્વ છે. આ પહેલા ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ બ્લૂ મૂન દેખાયું હતું.

## અફઘાનિસ્તાનમાં તાલીબાનને પડકાર : ત્રણ જીલ્લા તાલીબાનનાં કબ્જામાંથી મુકત કરાયા

કાબુલ તા. ૨૧

તાલિબાન હવે અફઘાનિસ્તાનમાં તેની સરકાર બનાવવા તરફ આગળ વધી રહ્યું છે, ટૂંક સમયમાં દોહામાં એક બેઠક યોજાવાની છે. આ દરમ્યાન અફઘાનિસ્તાનના વિવિધ ભાગોમાંથી વિરોધ ફાટી નીકળવાનાં અહેવાલો છે, લોકો તાલિબાન સામે રસ્તા ઉપર ઉતરી રહ્યા છે. અંદ્રાબ બધલાન પ્રાંતના ત્રણ જિલ્લા તાલિબાનના કબજામાંથી મુક્ત થયા છે. એક અફઘાન ન્યૂઝ ચેનલે દાવો છે કે અફઘાનિસ્તાનમાં અબ્દુલ હમીદ દાદગરે તાલિબાનના કબજા હેઠળના અંદ્રાબ બધલાનના ત્રણ જિલ્લા પાછા લઈ લીધા છે. જો કે આ બાબતે તાલિબાન તરફથી કશું કહેવામાં આવ્યું નથી.

## બિહારમાં કોરોના મહામારી દરમ્યાન ૨.૫ લાખ લોકોનાં મોત થયા હોવાનો ચોંકાવનારો અહેવાલ

પટણા, તા. ૨૧ :. કોરોના વાયરસ મહામારી વચ્ચે બિહારમાં મોત સાથે જોડાયેલા આંકડાઓમાં મોટું અંતર સામે આવ્યુ છે. હાલમાં જ આવેલા એક રીપોર્ટમાં જણાવાયુ છે કે બિહારમાં કોવિડ-૧૯ મહામારીની શરૂઆતથી એટલે કે માર્ચ ૨૦૨૦થી મે ૨૦૨૧ સુધીમાં સિવીલ રજીસ્ટ્રેશન સિસ્ટમ (સીઆરએસ) હેઠળ ગત વર્ષની તુલનામાં ૨ લાખ ૫૧ હજારથી વધુ મોત નોંધાયા છે. જ્યારે રાજ્યમાં કોવિડથી મોતનો સત્તાવાર આંકડો ૫૧૬૩ છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના જણાવ્યા પ્રમાણે સંકટના સમયે થયેલ મોત અને સામાન્ય પરિસ્થિતિમાં થયેલ અપેક્ષિત મોતની તુલનામાં મળેલા અંતરને એકસેસ મોર્ટલિટી કહેવાય છે.

એક રીપોર્ટ અનુસાર બિહારમાં સીઆરએસ હેઠળ નોંધાયેલ વધુ મોતની સંખ્યા કોવિડના સત્તાવાર આંકડાથી ૪૮.૬ ટકા વધુ છે. આંકડાઓનું વિશ્લેષણ કરવા માટે મહામારીથી પહેલાના સમય (જાન્યુઆરી ૨૦૧૫થી ફેબ્રુઆરી ૨૦૨૦) સુધીના સીઆરએસના ડેટાની સરેરાશ કાઢવામાં આવી હતી. મહામારીની શરૂઆતના પહેલાના ૪ વર્ષના ગાળા એટલે કે ૨૦૧૫થી ૨૦૧૯ની તુલનામાં કોવિડ-૧૯ની શરૂઆત બાદથી ૨ લાખ ૫૧ હજાર ૦૫૩ વધુ મોત થયા છે જેમાં ૧ લાખ ૨૬ હજારથી વધુ મોત ૨૦૨૧ના શરૂઆતના ૫ મહિનામાં નોંધાયેલ છે. જ્યારે આ ગાળામાં કોવિડ-૧૯થી મોતની સંખ્યા ૩૭૬૬ હતી.

આ જ પ્રકારે અન્ય મીડીયા સંસ્થાઓએ પણ આંકડાઓનું વિશ્લેષણ કરી અલગ અલગ રાજ્યોમાં મોતના આંકડાની ગણતરીની માહિતી આપી હતી. આંધ્ર, આસામ, ગુજરાત, હિમાચલ, કર્ણાટક, કેરળ, મ.પ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, તામીલનાડુ, યુપી અને પશ્ચિમ બંગાળથી પણ આવા જ અનુમાન સામે આવ્યા હતા. કેરળમાં આ અંતર ૦.૪૨ હતુ. જ્યારે યુપીમાં આ સંખ્યા ૪૩ ગણી વધુ હતી.

## કાબુલમાં ૬૦૦૦ અમેરીકી સૈનિકો તૈનાત એરપોર્ટ ઉપર યુએસ આર્મીનું નિયંત્રણ

કાબુલ/વોશીંગ્ટન તા. ૨૧

અફઘાનિસ્તાનની પરિસ્થિતિ ઉપર અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે, સ્થાનિક લોકોને ત્યાથી બહાર લાવવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ૧૮ હજારથી વધુ લોકોનું રેસ્ક્યૂ કરી લેવાયું છે. અને સાથે ફલાઈટની સંખ્યા પણ વધારી દેવાઈ છે. આજના દિવસે પાંચ હજારથી વધુ અમેરિકાના લોકોને ત્યાથી બહાર કાઢવામાંઆવી રહ્યા છે. કાબૂલમાં ૬ હજાર અમેરિકાના સૈનિક હાજર છે. અને સાથે કહ્યું કે, કોઈપણ હુમલાનો પૂરી તાકતથી જવાબ આપવામાં આવશે

રાષ્ટ્રપતિ બાઈડેને કહ્યું, અફઘાનિસ્તાન ઉપર આ વખતે મોટું સંકટ છે. અમે ૨૦ વર્ષથી અફઘાનિસ્તાનમાં સાથે મળીને કામ કર્યું છે. તો જેલમાંથી બહાર આવેલા આતંકી અને હુમલાઓ વિશે આશંકા જાહેર કરી છે. અને ISISના આતંકી જેલ બહાર આવીને હુમલાનો પ્લાન બનાવી શકે છે. ISISના આતંકી મોટો ખતરો બની શકે છે. અને જો આવા સમયમાં અમેરિકાની સેના ઉપર કોઈપણ પ્રકારનો હુમલો થયો તો, સામે પક્ષે પૂરતા જોર સાથે જવાબ આપવામાં આવશે. નાટે પણ દેશની સાથે ઉભું છે. નાટોના અન્ય દેશ અમેરિકાના નિર્ણય ઉપર સમર્થનમાં છે. અફઘાનિસ્તાનમાં અમારૂ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. અને અફઘાનિસ્તાનમાંથી યુદ્ધને સમાપ્ત કરવાનો સમય આવી ગયો છે. સાથે અફઘાનિસ્તાનની મહિલાઓ વિશે પણ કહ્યું કે, દુનિયાભરના લોકો મહિલાઓ માટે પ્રાર્થના કરે.

## મોંઘવારી બેફામ : કાચા માલની કિંમતો વધતા તેલ, સાબુ, બિસ્કીટ મોંઘા થયા

મુંબઈ, તા. ૨૧: પેકેજડ ફૂડ્સ અને સાબુનું વેચાણ કરતી બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, આરએસએચ ગ્લોબલ અને ગોદરેજ કન્ઝયુમર પ્રોડક્ટ્સ લિ. સહિતની મોટી કંપનીઓએ જણાવ્યું છે કે તેઓ ખર્ચ ઉપર પણ નિયંત્રણ કરી રહી છે. બ્રિટાનિયાના મેનાજિંગ ડિરેકટર વરુણ બેરીએ કહ્યું હતું કે, ક્રૂડતેલના ભાવ ઘણા વધ્યાં છે. પામતેલના ભાવ પણ ગત વર્ષ કરતાં ઘણા ઊંચા ગયા છે. આ ત્રિમાસિકમાં ઓઈલ ફેટની કિંમતમાં અચાનક જ તીવ્ર ઉછાળો જોવાયો હતો. તેથી કંપનીએ તેની પ્રોડક્ટ્સની કિંમત વધારી છે. કંપનીઓ અનેક વર્ષથી કાચા માલના ઊંચા ભાવની સમસ્યાનો સામનો કરી રહી છે. પામતેલની વૈશ્વિક કિંમતો આ વર્ષે વિક્રમી ટોચે પહોંચ્યા પછી પણ તેમાં સ્થિરતા આવી નથી. પામતેલનો ઉપયોગ સાબુ, બાકિંગ પ્રોડકટ્સ અને સૌંદર્ય પ્રસાધનોમાં થાય છે.

કોલકાતાની આરએસએચ ગ્લોબલ જે જોય બ્રાન્ડની પર્સનલ કેર પ્રોડકટ્સ બનાવે છે તેના સહ-સ્થાપક અને ચેરમેન સુનીલ અગરવાલે કહ્યું કે, કંપનીના કાચા' માલનો ખર્ચ ૬ મહિનામાં ૨૦થી ૨૫ ટકા વધ્યો છે. ઉદ્યોગ માટે આ બાબત ચેતવણીરૂપ છે. દર સપ્તાહે કાચા માલની કિંમતમાં થોડો-ઘણો વધારો થઈ રહ્યો છે. અગરવાલે કહ્યું કે, કંપનીએ આ અગાઉ મે મહિનામાં અને પછી તે પછી ગયા મહિને જુલાઈમાં તેની વેચાણ કિંમત વધારી હતી. એકંદરે કિંમતમાં ૮-૧૦ ટકાનો વધારો થયો છે. મોટી કિંમતના પેક ઉપર આ ભાવ વૃધ્ધિ કરાઈ છે. કંપની હવે કિંમત વધારવાના' બદલે માર્કેટીંગ ખર્ચ ઘટાડશે કારણકે નફા ગાળો પણ જાળવવો જરૂરી છે.

## ટૂંક સમયમાં કોંગ્રેસ સંગઠનમાં ધરખમ ફેરફારો પ્રિયંકા ગાંધીને મોટી ભૂમિકા મળશે

નવી દિલ્હી તા. ૨૧

આગામી વર્ષે સાત રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાવવાની છે ત્યારે કોંગ્રેસના સંગઠનમાં ટૂંક સમયમાં ધરખમ ફેરફારો થાય તેવી સંભાવના છે. ઉત્તરપ્રદેશના ઈન્ચાર્જ અને જનરલ સેક્રેટરી પ્રિયંકા ગાંધીને વધારે મોટી ભૂમિકા મળી શકે છે અને ચૂંટણી વ્યૂહકાર પ્રશાંત કિશોરને પક્ષમાં સમાવાઈ શકે છે.

કોંગ્રેસના નેતાઓએ નામ નહી આપવાની શરતે જણાવ્યું હતું કે, યુવા નેતાઓને મહત્વના હોદ્દા મળી શકે છે અને ગુલામ નબી આઝાદ, રમેશ ચેન્નિથલા અને સચિન પાયલોટને વધારે મહત્ત્વની ભૂમિકા મળી શકે છે. પ્રિયંકા ગાંધી દિલ્હી પરત ફર્યા પછી આ પ્રક્રિયા વધુ ઝડપી બનશે. કોંગ્રેસનાં આંતરિક વર્તુળોનું કહેવું છે કે પક્ષનું એક જૂથ પ્રિયંકા ગાંધી એનએસયુઆઈ અને યુવા કોંગ્રેસ જેવા પક્ષના સંગઠનોમાં વધારે સક્રિય ભૂમિકા ભજવે તેમ ઈચ્છે છે. પ્રશાંત કિશોરને લાગે વળગે છે ત્યાં સુધી એક જૂથ તે કોંગ્રેસમાં જોડાય તેમ ઈચ્છે છે અને બીજું જૂથ તેમણે કોંગ્રેસ સાથે આગામી કેટલાક મહિનાઓ સુધી સ્વતંત્ર કામગીરી કરે તેમ ઈચ્છે છે જેથી પક્ષની પોલિટિકલ મેનેજમેન્ટની સ્ટાઈલ સમજી શકાય.

## જમ્મુ-કાશ્મીરનાં અવંતીપોરામાં એન્કાઉન્ટર : ત્રણ આતંકવાદી ઠાર

જમ્મુ તા. ૨૧

જમ્મુ-કાશ્મીરના અવંતીપોરામાં સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. જાણકારી અનુસાર આ અથડામણમાં ત્રણ આતંકવાદી ઠાર મરાયા છે. જોકે હજુ ત્રણની ઓળખ થઈ શકી નથી. ત્રાલ વિસ્તારના જંગલોમાં થયેલી અથડામણમાં ત્રણ આતંકવાદી, પ્રતિબંધિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા હતા. ઘટના સ્થળની ઘેરાબંદી કરી દેવાઈ છે અને સર્ચ ઑપરેશન ચાલુ છે. આ અભિયાન જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેના સાથે મળીને ચલાવી રહી છે. જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેનાને આ વિસ્તારમાં આતંકીઓ હાજર હોવાની ખાનગી માહિતી મળી હતી. જેના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. સર્ચ ઑપરેશન હજુ પણ ચાલુ છે.

## દેશમાં ૩.૮૬ કરોડ લોકોએ વેકનસીનનાં બીજા ડોઝમાં મોડું કરીને કોરોનાનું જોખમ વધાર્યુ

નવી દિલ્હી, તા.૨૧: કોરોના સંક્રમણ સામે મજબૂત પ્રતિરોધક ક્ષમતા હાંસલ કરવા માટે સંપૂર્ણ રસીકરણ અત્યંત જરૂરી છે. એક આરટીઆઈ અનુસાર ૩.૮૬ કરોડથી વધારે ભારતીય લોકોએ રસીનો બીજો ડોઝ લેવામાં મોડું કર્યુ છે. કોરોનાના ડેલ્ટા વેરીયેંટના પ્રસારને ધ્યાનમાં લેતા આ ખતરનાક સાબિત થઈ શકે છે.

નિષ્ણાંતોએ સ્પષ્ટ કર્યુ છે કે રસીનો સંપૂર્ણ ફાયદો મેળવવા માટે સમયસર બીજો ડોઝ લેવો બહુ મહત્વપૂર્ણ છે. ડેલ્ટા વેરીયેંટના જોખમને જોતા તે વધારે જરૂરી છે. વિભીન્ન રીસર્ચમાં એ સામે આવ્યું છે કે બંને ડોઝ નક્કી કરાયેલ સમયમર્યાદામાં લેવા વધારે અસરકારક છે. જોકે તેમાં થોડું મોડું થાય તો પણ બહુ ગભરાવાની વાત નથી. ના તો તમારો પહેલો ડોઝ બિનઅસરકારક થશે, ના તો તમારે નવેસરથી રસીકરણ કરાવવાની જરૂર પડશે. નક્કી કરાયેલ તારીખથી ૧૦ થી ૧૫ દિવસ મોડો બીજો ડોઝ લગાવવાથી પણ એટલો જ ફાયદો મળશે. બીજો ડોઝ બુસ્ટર ડોઝનું કામ કરે છે. તે કોરોનાવિરોધી એન્ટીબોડીનું લેવલ વધારે છે. એટલું જ નહીં પ્રતિરોધક તંત્રમાં મેમોરી-બી સેલનું ઉત્પાદન પણ કરે છે. મેમોરી -બી સેલ એક પ્રકારના શ્વેત કણ છે.

## કોરોનાનો હાઉ ઓછો થયો : હવે ધંધા - રોજગારમાં ગતિ આવશે

નવી દિલ્હી,તા. ૨૧: ગુજરાતમાં કોરોનાનો હાઉ હવે ઓછો થયો હોય એવું અનુભવાઈ રહ્યું છે. લોકો મુકત રીતે એક બીજા શહેરોમાં અને પ્રવાસન સ્થળોએ ફરવા લાગ્યા છે. એસટી વિભાગ ૭૫ ટકા ક્ષમતા સાથે બસ ચલાવવા લાગ્યો છે. ક્ષમતા પણ વધતી જાય છે. તહેવારોમાં વધુ બસ સેવા પણ શરૂ કરશે. રેલવેની પણ સુવિધા ઠીક ઠીક શરૂ થઈ ગઈ છે. હેરફેર શરૂ થઈ જવાને લીધે આના કારણે રાજયના નાનાથી લઈને મોટા ધંધાના ટર્નઓવરમાં ૩૦ ટકા જેટલો વધારો થવાની ધારણા છે. લોકો લગ્નની સિઝનમાં પણ બહાર જવા લાગ્યા છે, તેનો લાભ મળશે.

રક્ષાબંધનથી હવે તહેવારોની શ્રૃંખલા શરૂ થઈ રહી છે. હાલમાં શ્રાવણ મહિનો છે એટલે ધાર્મિક સ્થળોએ લોકો જઈ રહ્યા છે. એ પછી ગણેશ અને દિવાળી આવી રહી છે.

બધા તહેવારોનો લાભ લોકો લેશે અને અર્થતંત્રને વેગ મળશે. જો ત્રીજી લહેર આ તહેવારોમાં આતંક ન મચાવે તો ફરીથી બધું ધમધમવા લાગશે. લગ્નગાળાને લીધે અત્યારે લોકો એકથી બીજા શહેરોમાં અને ગામડાંમાંથી શહેરોમાં પણ જવા માંડ્યા છે.

જવેલરી, કપડાં, ઘર સજાવટનો સામાન, ફર્નિચર, રેસ્ટોરન્ટ, ટ્રાવેલ્સ, ખાણીપીણીના ધંધામાં હવે વધારો થઈ રહ્યો છે. તહેવારોમાં ૩૦-૪૦ ટકા સુધીનો વધારો થઈ ગયો હશે. જોકે અત્યારે પણ ખાણીપીણીના ધંધામાં ખાસ્સી રોનક આવી ચૂકી છે. પૂર્વવત ટર્નઓવર હવે થવા ઉપર છે. તહેવારોને લઈ એસટી ડેપો ઉપર લોકોનો ધસારો છે. હાલ એસટીમાં ૭૫ ટકા ક્ષમતામાં મુસાફરો સાથે ૬૩૦૦ બસનું સંચાલન થઈ રહ્યું છે. તહેવારોને ધ્યાનમાં રાખી બસની ટ્રીપ વધારવામાં આવી રહી છે. ખાસ કરીને સોમનાથ, દ્વારકા, અંબાજી સહિત યાત્રાધામમાં મુસાફરો વધ્યા હોવાનું સામે આવ્યું છે. તો આ તરફ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પણ મુસાફરોનો વધારો થયો છે.

ગુજરાતમાંજ રહેલા ડેસ્ટિનેશન ઉપર લોકોનું ફરવાનું લક્ષ્ય રહેશે અને આથી જ રાજયની અંદરનું પરિવહન વધશે.

## ગુજકેટની પરીક્ષાનું ઓનલાઈન પરીણામ જાહેર

અમદાવાદ તા. ૨૧

ગુજકેટની પરીક્ષાનું આજે ઓનલાઈન પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગત ૬ ઓગસ્ટે યોજાયેલી પરીક્ષામાં ૬૭ હજાર ૯૫૧ વિદ્યાર્થીઓ અને ૪૫ હજાર ૨૫૧ વિદ્યાર્થિનીઓએ ગુજકેટની પરીક્ષા આપી હતી. A ગ્રુપના ૪૬,૦૧૩ વિદ્યાર્થીઓ અને B ગ્રુપમાં ૬૬,૯૦૯ વિદ્યાર્થીઓ હતા. જેમાંથી A ગ્રુપના ૪૭૪ વિદ્યાર્થીઓએ ૯૯ પર્સન્ટાઈલ મેળવ્યા છે જ્યારે B ગ્રુપના ૬૭૮ વિદ્યાર્થીઓએ ૯૯ પર્સન્ટાઈલ મેળવ્યા છે.ગુજકેટના પરિણામના ૫૦ ટકા ગુણ અને ૧૨ સાયન્સના પરીક્ષાના ૫૦ ટકા ગુણ ના આધારે ફાર્મસી અને ઈજનેરીમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

ધોરણ ૧૨ સાયન્સ પછી ડિગ્રી એન્જિનીયરીંગ અને ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા નું આયોજન કરવામાં આવે છે. ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં બહુવિકલ્પીય પ્રકારના હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. કુલ ૪ વિષયોની પરીક્ષા લેવાઈ હતી. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને ગણિતની પરીક્ષા લેવાઈ હતી.

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.





બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ,
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. સોઢાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ગુજરાતી થાળી - સાઉથ ઈન્ડીયન



લિજ્જત પાઉભાજી
જયશ્રી રોડ, મહાસાગર ટ્રાવેલ્સ સામે,
કાળવા ચોક, જૂનાગઢ.
મો. ૯૪૨૭૭ ૩૩૩૪૪

હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે,
જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# ઝાયડસે ડીસીજીઆઇ પાસેથી ઝાયકોવ-ડીનું ઇમર્જન્સી યુઝ ઓથોરાઇઝેશન મેળવ્યું



## વિશ્વની એકમાત્ર નીડલ-ફ્રી કોવિડ રસી

અમદાવાદ તા.૨૧

ઝાયડસ કેડિલાએ જાહેર કર્યું છે કે, કંપનીએ કોવિડ-૧૯ માટે વિશ્વની પ્રથમ પ્લાઝમિડ ડીએનએ વેક્સીન ઝાયકોવ-ડી માટે ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) તરફથી ઈમર્જન્સી યુઝ ઓથોરાઈઝેશન (ઈયુએ) મેળવ્યું છે. ઝાયકોવ-ડી ત્રણ ડોઝ ધરાવતી રસી છે, જે પ્રથમ દિવસે, ૨૮માં દિવસે અને ત્યારબાદ ૫૬માં દિવસે લગાવવામાં આવશે. આ મંજૂરી સાથે ભારત પાસે વયસ્ક આબાદી ઉપરાંત ૧૨-૧૮ વર્ષના વયજૂથ માટે પ્રથમ કોવિડ-૧૯ રસી છે. ઝાયકોવ-ડી નીડલ-ફ્રી રસી છે, જે નીડલ ફ્રી એપ્લીકેટર The PharmaJet®નો ઉપયોગ કરીને લગાવવામાં આવે છે અને તે પેઈનલેસ ઈન્ટ્રાડર્મલ વેક્સીન ડિલિવરી સુનિશ્ચિત કરે છે. પ્રથમવાર માનવીના ઉપયોગ માટે પ્લાઝમિડ ડીએનએ પ્લેટફોર્મ ઉપર ઉન્નત ટેક્નોલોજી ધરાવતી રસી વિકસાવવામાં આવી છે. આ પ્લેટફોર્મ રેપિડ પ્લગ એન્ડ પ્લે ટેક્નોલોજી દ્વારા વાઈરસમાં મ્યુટેશનને સરળતાથી સ્વિકારી શકે છે, જે પહેલેથી જ થઈ રહ્યું છે.

કંપની ઝાયકોવ-ડીના વાર્ષિક ૧૦-૧૨ કરોડ ડોઝના ઉત્પાદનની યોજના ધરાવે છે. આ અંગે પ્રતિક્રિયા આપતાં કેડિલા હેલ્થકેર લિમિટેડના ચેરમેન પંકજ આર. પટેલે કહ્યું હતું કે, ઝાયકોવ-ડી સાથે આ ઐતિહાસિક સિદ્ધિ છે કે ભારતીય ઈનોવેશન વિશ્વની પ્રથમ માનવીના ઉપયોગ માટે ડીએનએ વેક્સીન બની છે તથા વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનને સપોર્ટ કરે છે. અમને ખુશી છે કે અમારી રસી કોવિડ-૧૯ સામેની લડાઈમાં યોગદાન આપશે તેમજ વિશેષ કરીને ૧૨-૧૮ વર્ષના વયજૂથની વિશાળ જનસંખ્યાનું રસીકરણ કરશે. હું તમામ સંશોધકો, ક્લિનિકલ ટ્રાયલ ઈન્વેસ્ટિગેટર્સ, સ્વયંસેવકો અને નિયમનકારોનો આભારી છું કે જેમણે આ પ્રયાસમાં સહયોગ કર્યો છે. કંપની રસીના બે ડોઝ માટે પણ મંજૂરી પ્રાપ્ત કરવાની યોજના ધરાવે છે. ડીએનએ રસીનો મુખ્ય લાભ એડપ્ટિવ ઈમ્યુન સિસ્ટમની હ્યુમોરલ અને સેલ્યુલર આર્મ્સ બંન્નેને સ્ટિમ્યુલેટ કરવાની તેની ક્ષમતા છે. તે એન્ટીજેન-સ્પેસિફિક ઈમ્યુનોથેરાપીનું મૂલ્યવાન રૂપ છે કારણકે તે સુરક્ષિત, સ્થિર અને સરળતાથી ઉત્પાદિત કરી શકાય છે. ઝાયડસ નેશનલ બાયોફાર્મા મીશન, બીઆઈઆરએસી, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી, ભારત સરકાર, નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વાઈરોલોજી, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્સ અને ફાર્માજેટનો ઝાયકોવ-ડી રસીના વિકાસમાં સહયોગને સ્વિકારે છે.

# સલાયા ગામે પોલીસ સાથે અથડામણ કરી, દંગલ કરતા પાંચ હજાર લોકોના ટોળા સામે ગુનો નોંધાયો




જામખંભાળિયા તા.૨૧

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે ગુરૂવારે રાત્રીના મોહર્રમ પર્વે તાજીયાનું ઝુલુસ કાઢવા બાબતે સ્થાનિક રહીશોના ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ અધિકારીઓ, સ્ટાફ ઉપર હુમલો કરી પોલીસ વાનને વ્યાપક નુકશાન કરવા તેમજ હત્યાના પ્રયાસ સબબ વિવિધ ગંભીર ગુના અંગે સલાયા મરીન પોલીસ મથકમાં કુલ પાંચ હજાર લોકોના ટોળા સામે વિવિધ કલમ મુજબ ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. ખંભાળિયા તાલુકાના સલાયા ગામે મોહર્રમના અંતિમ દિવસે તાજીયા સંદર્ભે ગુરૂવારે રાત્રે ઉજવણીનો માહોલ છવાયો હતો. આ વચ્ચે આ દરમ્યાન સલાયાના પી.આઈ. તથા સ્ટાફ દ્વારા સમગ્ર પંથકમાં જરૂરી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સલાયાના મહત્વના એવા હુસેની ચોકમાં પોલીસ દ્વારા બંદોબસ્ત દરમ્યાન કોરોના મહામારી સંદર્ભે તાજીયાના જુલુસ કાઢવા સામે મનાઈ ફરમાવતું જાહેરનામું હોવા છતાં સ્થાનિક લોકો દ્વારા તાજીયાને માતમમાંથી બહાર કાઢી, સરઘસ કાઢવાની તૈયારી કરવામાં આવી હતી. જે સંદર્ભે સલાયા પી.આઈ. પી.બી. ઝાલા તથા સ્ટાફ દ્વારા આ લોકોને સમજાવટપૂર્વક નિયમ મુજબ રહેવા માટે અપીલ કરવામાં આવી હતી. ધાર્મિક કાર્યક્રમમાં સરકારની મુજબ ૪૦૦ લોકોને જ મંજૂરી મળવા પાત્ર હોય, હુસેની ચોક વિસ્તારમાં તાજીયા સાથે મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા, એટલું જ નહીં, કોવિડ ગાઈડલાઈન મુજબ માસ્ક તથા સોશ્યલ ડિસ્ટન્સિંગનો ભંગ થતો હતો. કાયદાની અમલવારી માટે આ સ્થળે બંદોબસ્તમાં રહેલા પોલીસ સ્ટાફ દ્વારા તેઓની ફરજ દરમ્યાન આશરે એક હજારથી પંદરસો કેટલા સ્થાનિકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું અને ફરજ ઉપર રહેલા પોલીસ અધિકારીની પીસીઆર વેનમાં રહેલા પોલીસ સ્ટાફને બળજબરીપૂર્વક નીચે ઉતારી, ગેરકાયદેસર રીતે કબજો મેળવી, આ વેન ઉપર લાકડાના ધોકા વિગેરે મારફતે તૂટી પડયા હતા અને આ જીપનો કચ્ચરઘાણ બોલાવી દીધો હતો. એટલું જ નહીં પોલીસ ફરજમાં રહેલા કર્મચારીઓના બાઈક ઉપર પણ આ લોકો તૂટી પડ્યા હતા અને બે બાઈકનો કડૂસલો બોલાવી દીધો હતો. વિફરેલા ટોળાએ પોલીસ અધિકારીઓ ઉપર હિંસક હુમલો કરી, આ લોકો ફરજ ઉપર રહેલા અધિકારીના રૂપિયા દસ હજારની રોકડ રકમ સહિતના જરૂરી ડોક્યુમેન્ટ વાળું પર્સ બળજબરીપૂર્વક ઝૂંટવીને લઈ ગયા હતા. પોલીસ ઉપર કરવામાં આવેલા હુમલામાં સ્થાનિક હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ કિશોરસિંહ જાડેજા તથા જી.આર.ડી.ના જવાન દિલીપભાઈ વઘોરાને જાનથી મારી નાખવાના ઈરાદે જીવલેણ હથિયારો વડે હુમલો કરવામાં આવતા તેમને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આરોપી શખ્સો દ્વારા છુટા પથ્થરો તથા લાકડી અને પાઈપ જેવા હથિયારો વડે પોલીસના સંવેદનશીલ ભાગો ઉપર તથા માથાના ભાગે હિંસક હુમલો કરવામાં આવ્યો હોવાનું પણ વધુમાં જાહેર થયું છે. આમ, તાજીયાને માતમમાંથી બહાર કાઢી, સરઘસ કાઢવાની ચેષ્ટા કરતા અટકાવવામાં આવતા પોલીસ ઉપર જીવલેણ હુમલા તથા ફરજમાં રૂકાવટ સબબ સલાયાના રહીશ રિઝવાન રજાક સંઘાર, હમીદ રજાક સંઘાર, અકરમ રજાક સંઘાર, અબ્દુલ કરીમ સલીમ ભગાડ, કરીમ નુરમામદ સંઘાર, એજાજ રજાક સંઘાર, આમીન ઉર્ફે ચકલીમીંડી જાવિદ સૈયદ, નુરમામદ ભીખા ગજીયા, અસગર રજાક સંઘાર, આબિદ તાલબ ભોકલ, સબીરહુશેન ગુલામ હુસેન સુંભણિયા, ગુલાબ ઉમર ભગાડ, મહેબૂબ ફારૂક ગજ્જન, ફિરોજ અનવર ગજણ અને ઈમરાન રજાક સંઘાર સહિત પાંચ હજાર જેટલા લોકોના ટોળા સામે સલાયા મરીન પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળી દ્વારા સાત નિવૃત પ્રાધ્યાપકોનું થનારૂ ગરિમાપૂર્ણ સન્માન

## સોમવારે યોજાનારી ત્રેત્રીસમી સાધારણ સભામાં કુલપતિ ડો. નિતીનભાઈ પેથાણી, ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેશાણી અને આર.ડી.સી. બેંકના સિનિયર ડિરેક્ટર અરવિંદભાઈ ત્રાડાની પ્રેરક ઉપસ્થિતિ







રાજકોટ તા.૨૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી દ્વારા તાજેતરમાં નિવૃત થયેલા બાયો સાયન્સભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. એસ.પી. સીંઘ, ગુજરાતી ભવનના પૂર્વ અધ્યક્ષ ડો. નીતીનભાઈ વડગામા, ઈતિહાસ ભવનના પૂર્વ વડા પ્રો. પ્રફુલ્લાબેન રાવલ, કાયદા ભવનના પૂર્વ વડા પ્રો.બી.જી. મણિયાર, ગુજરાતી ભવનના પૂર્વ વડા અને ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના પૂર્વ નિયામક પ્રો. અંબાદાન રોહડીયા, કેમેસ્ટ્રી ભવનના પ્રો. શિપ્રા બાલુજા, હોમ સાયન્સ ભવનના ડો. આર.વી. રાવલ તેમજ નજીકના ભવિષ્યમાં નિવૃત થનાર નેનો સાયન્સ ભવનના વડા પ્રો. ડી.જી. કુબેરકરનો ગરિમાપૂર્ણ અભિવાદન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. નીતીનભાઈ પેથાણીના અધ્યક્ષસ્થાને તા.૨૩-૮-૨૧ને સોમવારના રોજ સાંજે ૪ કલાકે અંગ્રેજી ભવનના વ્યાસ સેમીનાર હોલમાં યોજાશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેશાણી અને અતિથિ વિશેષ પદે આર.ડી.સી. બેંક રાજકોટના સિનિયર ડિરેકટર અરવિંદભાઈ ત્રાડા ઉપસ્થિત રહેશે. સોમવાર તા.૨૩-૮-૨૦૨૧ના રોજ યોજાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક ધિરાણ સહકારી મંડળીની ત્રેત્રીસમી સાધારણ સભા અને વય મર્યાદાને કારણે નિવૃત થનાર અધ્યાપકોના અભિવાદન સમારોહને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ ડો. જે.એ. ભાલોડીયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી ડો. યોગેશ જોગસણ, ખજાનચી ડો. વર્ષાબેન ત્રિવેદી, કારોબારી સભ્યો પ્રો. અનસુયાબેન ચોથાણી, ડો. રમેશભાઈ વાઘાણી, પ્રો. અતુલભાઈ ગોસાઈ અને ડો. ભરત ખેર જહેમત ઉઠાવી રહ્યા છે.

# જૂનાગઢનાં જોષીપરા નજીકથી ૧૮ બોટલ દારૂ ઝડપાયો

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ગઈકાલે જોષીપરા પટેલ સમાજ નજીકથી રમેશગીરી દેવગીરી અપારનાથી (ઉ.વ.૫૫)ને એકસેસ મોટરસાયકલ નં. જીજે-૧૧-સીઈ-૩૩૪૮ સાથે ભારતીય બનાવટની પરપ્રાંતીય બિયર ટીન-૧૮ બોટલ સાથે કુલ રૂા.૨૧૮૦૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

# લોકશાહી અને બિનસાંપ્રદાયિકતામાં માનનારાઓએ એકજુટ થઈને સાથે આવવું જ જોઈએ : શરદ પવાર

નવી દિલ્હી તા.૨૧

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ શુક્રવારે બોલાવેલી વિપક્ષી નેતાઓની વર્ચ્યુઅલ બેઠકમાં ભાગ લીધા પછી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડા શરદ પવારે કહ્યું હતું કે જે લોકો લોકશાહી અને બિનસાંપ્રદાયિકતામાં માને છે તેમણે એકજૂટ થઈ એક સમયબદ્ધ એકશન પ્રોગ્રામની રૂપરેખા નક્કી કરવી જોઈએ. આ સાથે જ પૂર્વ કેન્દ્રીય મંત્રીએ ટવીટર ઉપર સમાન વિચારધારા ધરાવતી પાર્ટીઓની બેઠક યોજવાના પ્રયાસની પ્રશંસા કરી હતી. પવારે ટવીટ કર્યું હતું કે ભારતમાં હાલની પરિસ્થિતિ ખુબ જ નિરાશાજનક છે. ખેડૂતો છેલ્લા કેટલાક મહિનાઓથી વિરોધ-પ્રદર્શન કરી રહ્યા છે. આ ભારત જેવા લોકતાંત્રિક દેશ માટે ખુબ જ વ્યથિત કરનારી બાબત છે. હાલમાં આપણો દેશ ફુગાવો, મંદી, કોવિડ મહામારી, બેરોજગારી, સરહદ વિવાદ અને લઘુમતી સમુદાયના મુદ્દે અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. તેમણે આગળ કહ્યું હતું કે વર્તમાન સરકાર આ બધા મુદ્દાઓ ઉપર નિષ્ફળ પુરવાર થઈ છે. પવારે કહ્યું હતું કે જે લોકો લોકશાહી અને બિનસાંપ્રદાયિકતામાં વિશ્વાસ ધરાવે છે અને જે લોકો આપણા દેશના લોકતાંત્રિક સિદ્ધાંતોને બચાવવા માટે સાથે કામ કરવા માંગે છે. તેમણે સાથે આવવું જ જોઈએ. તેમણે કહ્યું હતું કે, આપણે સામુહિક રીતે એક સમયબદ્ધ એકશન પ્રોગ્રામ તૈયાર કરવાની જરૂર છે અને આ બધી સમસ્યાઓનો એક સાથે સામનો કરવાને બદલે આપણે એક પછી એક પ્રયાસ કરી તેમનો ઉકેલ લાવવો જોઈએ કે જેથી આપણે આપણા દેશને સારૂ વર્તમાન અને ભવિષ્ય આપી શકીએ.


# અમરેલીમાં મોહર્રમ પર્વ મનાવાયું, આશુરાની નમાઝ અદા કરાઈ



અમરેલી તા.૨૧

ગઈકાલે ૧૦ મોહર્રમ અને આશુરાનો દિવસ માનવામાં આવે છે અને મુસ્લિમ બિરાદરો દ્વારા ઘરે આશુરાની નમાજ અદા કરી હતી અને અમરેલી શહેરમાં સરકારની ગાઈડલાઈન મુજબ પોત-પોતાના ઘર પાસે તાજીયા રાખવામાં આવેલ હતા અને એક પણ વિસ્તારમાં માઈક, ઢોલ, ત્રાંસા વગાડવામાં આવેલ ન હતા. આ ઉપરાંત શહેરમાં સુંદર અને કલાત્મક બેનમુન તાજિયાની કારીગરી જોવા મળેલ હતા. તાજીયા બનવેલા હતા અને ઈકોફ્રેન્ડલી વૃક્ષાવાળો તાજીયો બનાવવામાં આવ્યો હતો. જેમાં અમરેલીની જનતાને અને હેલ્થને લઈને સારો મેસેજ આપતો એક તાજીયા નજરે પડેલ હતો. જે હુસેની કમિટી દ્વારા બનવામાં આવેલ હતો. તેમાં હારૂનભાઈ લીલા, દાદાબાપુ કાદરી, યુનુસભાઈ ચૌહાણ, ફેઝલ લીલા, અસ્ફાક ધાનાણી, અવેશ લીલા, અફઝલ લીલા, સાદ ધાનાણી, સોહીલ લીલાએ જહેમત ઉઠાવેલ હતી અને ચુસ્ત પણે સરકારની ગાડલાઈન મુજબ મોહર્રમ માનવામાં આવેલ હતા. આ તકે રફીકભાઈ ચૌહાણ, શ્રીહાલા, સમીર કુરેશી, અજીમ લાખાણી, વસીમ ધાનાણી, રીઝવાન ભટ્ટી, અમીન લીલા, સચિન ચૌહાણ, ઈમરાન પરમાર મુલાકત લીધેલ હતી.

# માંગરોળ પાસે એકિટવા સ્લીપ થતાં યુવાનનું મોત, પરિવારમાં શોકનો માહોલ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૧

માંગરોળમાં વેરાવળ બાયપાસ પાસે એક્ટિવા સ્લીપ થઈ જતા વેપારી અગ્રણીના યુવાન પુત્રનું કરૂણ મોત નિપજ્યું હતું. આ બનાવને પગલે લોહાણા સમાજમાં ગમગીની પ્રસરી ગઈ હતી. અકસ્માતના બનાવની વિગતો મુજબ માંગરોળ માર્કેટીંગ યાર્ડના ડાયરેકટર અને શહેરના શાપુર રોડ ઉપર સીંગદાણાનું કારખાનું ધરાવતા પંકજભાઈ વિઠલાણીના પુત્ર મિરાજ ઉર્ફે લાલો (ઉ.વ.૩૪) ગઈકાલે બપોરે કોઈ કામ સબબ વેરાવળ બાયપાસ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. એ દરમ્યાન એક્ટિવા સ્લીપ થતા જમીન ઉપર પટકાયા હતા. માથાના ભાગે ગંભીર ઈજાઓ અને લોહીલુહાણ હાલતમાં ૧૦૮ મારફતે તેને સરકારી હોસ્પિટલે ખસેડતા ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવને પગલે વેપારી અગ્રણીઓ હોસ્પિટલે દોડી આવ્યા હતા. મૃતક યુવાનને ત્રણ અને છ વર્ષના બે બાળકો છે. જુવાનજોધ પુત્રની અકાળે વિદાયથી પરિવાર ઉપર આભ તુટી પડ્યું છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦,

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

**ફ્લેટ ભાડે આપવાનો છે**
જૂનાગઢમાં હદયસમા ઝાંઝરડા રોડ ઉપર આવેલ કલ્પવૃક્ષની સામે 3BHK ફલેટ ભાડે આપવાનો છે
: કોન્ટેક :
મો. ૯૨૭૪૮ ૦૧૭૩૪

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જુનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે જ સંપર્ક સાધવો


**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

**મકાન વેંચવાનું છે**
જૂનાગઢમાં સરકારી ગોડાઉન પાછળ ભુવનેશ્વર શેરી નં. ૧ નીચે બે રૂમ રસોડુ ઉપર હોલ અને રૂમ વેંચવાનું છે
: કોન્ટેક :
મો. ૯૮૨૫૩ ૬૬૯૧૮

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારી બીજી બ્રાંચ ઝાંઝરડા રોડ ગાયત્રી સ્કુલની સામે
**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
• પાણીપુરી • મસાલાપુરી • દહીપુરી • સેવપુરી
• ભેળ • દાબેલી • દિલ્હી ચાટ
• લસણીયા બટેટા • સમોસા રગડો • રગડા પેટીસ • બાસ્કેટ ચાટ
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

૪૮ વર્ષ થયા એક જ નામ
**વિજય ઘી ડીપો**
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું શુધ્ધ ઘી મળશે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
**વિજય ઘી ડીપો**
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

**જગ્યા વેંચવાની છે**
જૂનાગઢમાં અલંકાર ટોકીઝની બાજુમાં ૧૧૧ વારની જગ્યા વેંચવાની છે.
મળો :-
**મુનાફ દરબાર**
અલંકાર ટોકીઝ પાસે, જેલ રોડ, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
આઈસ્ક્રીમ
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

**વંદના સ્પેશિયલ**
- સ્પે. પંજાબી પફ
- ઘઉંની બ્રેડ (આટાબ્રેડ)
- સ્પે. પફ/પીઝા, ખારી
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ ફોન : ૨૬૨૪૨૪૪
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક
ફોન : ૨૬૨૩૨૨૪

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આવતીકાલે રક્ષાબંધન પર્વની ભાવપુર્ણ ઉજવણી થશે

## શ્રીવાણી પુર્ણિમા એટલે રક્ષાબંધન તેમજ આજે યજ્ઞોપવિત ધારણ કરવાનો અમૂલ્ય અવસર

જૂનાગઢ તા. ૨૧


જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આવતીકાલે રક્ષાબંધન પર્વની ભાવભેર ઉજવણી કરવામાંઆવશે. શ્રાવણી પુર્ણિમા એટલે રાખડીઅને જનોઈ (ઉપવીત) ધારણ કરવાનો આ પવિત્ર તહેવાર છે. આપણા પુર્વજ ધર્મ સુત્રકારો કેટલાક પ્રતિકો અને સુત્રો દ્વારા ભારતીય ધર્મ સંસ્કૃતિના આદર્શો શીખવે છે. રાખડી અને જનોઈ બંને આમ તો માત્ર સુતરના તાંતણા છે પરંતુ તેમાં ભાવ અનન્ય રહે છે. રાખડીમાં હૃદયનો નિર્મળ, નિઃસ્વાર્થ પ્રેમનો લાલ રંગ વણાયો છે. રક્ષા સુત્રોમાં સ્નેહ, જવાબદારી રક્ષણ અને કલ્યાણ કામનાના તાણાવાણા ગુંથાયેલા છે. શ્રાવણી પુર્ણિમા નાળીયેરી પૂર્ણિમા તરીકે પણ માછીમારો વગેરે ઉજવે છે. આ દિવસે નાળીયેરથી દરિયા દેવને વધાવીને દરિયો ખેડવાનો પ્રારંભકરવામાં આવતો હોય છે. શ્રાવણમાસના આપવિત્ર દિવસોમાંઆવતીકાલે રવિવારે શ્રાવણ સુદ પૂનમના દિવસે રક્ષાબંધનનો આ તહેવાર આવી રહયો છે. રક્ષાબંધનનો તહેવાર પુરાણકાળથી ચાલી રહયો છે અને આજે પણ ઉજવાય છે. રક્ષાબંધનના દિવસે બહેન પોતાના ભાઈને કુમકુમ તિલક અને ચોખાથી વધાવી અને રક્ષા પોટલી એટલે રાખડી બાંધે છે અને ભાઈના દીર્ધાયુષ્યને સુખમય જીવનની કામના કરે છે. તેના બદલામાં ભાઈ પણ બહેનના રક્ષણની જવાબદારી લેતા હોય છે. આમ રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી થતી હોય છે. રક્ષાબંધનને લઈને જૂનાગઢ સહિત્ સૌરાષ્ટ્રના બજારોમાં આકર્ષક રાખડીઓ જોવા મળે છે. રૂા.પ થી લઈને પ૦૦ સુધીની રાખડીઓનું વેંચાણ થઈ રહયું છે. બીજીતરફ શ્રાવણી પૂનમના દિવસે યજ્ઞોપવિત ધારણ કરવાનો પણ અમૂલ્ય અવસર હોય છે. દર વર્ષે આ દિવસે બ્રહ્મદેવો, ક્ષત્રિયો, રઘુવંશી લોહાણા સમાજ સહિતના વિવિધ સમાજો દ્વારા શુભમુર્હુતે શાસ્ત્રોકત વિધી સાથે યજ્ઞોપવિત બદલાવતા હોય છે અને નવી યજ્ઞોપવિત ધારણ કરતા હોય છે. અને ગાયત્રી મંત્રના જાપ સાથે યજ્ઞોપવિત બદલવાનો આ કાર્યક્રમ ખુબજ ભાવપુર્વક યોજવામાં આવતો હોય છે. છેલ્લા દોઢ વર્ષથી કોરોનાને કારણે સાવચેતીના પગલારૂપે પ્રતિબંધ હોવાને કારણે તહેવારો મર્યાદિત રીતે જ ઉજવવામાં આવી રહયા છે ત્યારે આવતીકાલે રક્ષાબંધન પર્વ અને શ્રાવણી પર્વના દિવસે સરકારશ્રીની ગાઈડલાઈન અને સોશ્યલ ડીસ્ટન્સ સાથે આ પર્વની ઉજવણી થશે. વિશેષમાં શાસ્ત્રવિદોના મતે રક્ષાબંધન પર્વ આવતીકાલે મનાવવામાં આવી રહેલ છે પરંતુ યજ્ઞોપવિત ધારણ કરવાનું આજે શનિવારે શુભ મનાય રહ્યું હોવાનો મત છે. આમઆ વર્ષે શનિવાર અને રવિવાર એમ બેદિવસ ધાર્મિક માન્યતા અનુસાર યજ્ઞોપવિત ધારણ કરવાના કાર્યક્રમો યોજાશે.





## જૂનાગઢ સિવિલ હોસ્પિટલ સ્થિત કોરોના વેક્સીન સેન્ટરની મુલાકાત લેતા કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઇ માંડવીયા

**સિવિલ હોસ્પિટલની કોરોના સામેની સજ્જતા સહિતની વિગતો મેળવતા કેન્દ્રીય આરોગ્ય મંત્રી**



જૂનાગઢ, તા.૨૧

કેન્દ્રીય આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રી મનસુખભાઈ માંડવીયાએ જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના વેકસીન સેન્ટરની મુલાકાત વેકસીનેશનનીકામગરી નિહાળી હતી. તેમણે કોરોના સામે લડવા રસીકરણ એક માત્ર ઉપાય હોય તેમાં ઝડપ લાવવા પણ જણાવ્યું હતું. સિવિલ હોસ્પિટલમાં રસીકરણની સુવિધા સાથે સંભવિત ત્રીજી લહેરના સામના માટે હોસ્પિટલ તંત્ર દ્વારા ઓક્સીજન પ્લાન્ટ, બેડ વધારવા તેમજ કોરોના સામેની સજ્જતા સહિતની જાણકારી મેળવી કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ જન આરોગ્ય સુવિધા માટે કોઈ કચાશ ના રહે તે અંગે સુચનાઓ આપી હતી. સિવિલ સર્જન ડો. લાખણોત્રા અને મેડીકલ સુપ્રીટેન્ડેટ ડો. સુશીલકુમારે ઓકસીજન પ્લાન્ટ તેમથ બેડની સુવિધા ૪૪૦ થી વધારી ૧૫૦૦ કરાયા છે તેમજ બાળકોના અરોગ્ય માટે પણ ખાસ સુવિધા ઉભી કરવામાં આવી હોવાની વિગત આપી હતી. કેન્દ્રીય આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રીની સિવિલ હોસ્પિટલ મુલાકાત પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમા, મેયર ધીરૂભાઈ ગોહેલ, અગ્રણી ઝવેરીભાઈ ઠકરાર, પુનીતભાઈ શર્મા, પ્રદિપભાઈ ખીમાણી શૈલેષભાઈ દવે, જિલ્લા વિકાસ અધીકારી મીરાંત પરીખ, ડો.ડેડાણીયા સહિતના અગ્રણીઓ, ડોકટરો ઉપસ્થિત રહ્યા હતા.

## ત્રિમૂર્તિ હોસ્પિટલ ખાતે ઓક્સીજન પ્લાન્ટ અને ફરતા દાંતના દવાખાનાનું લોકાપર્ણ કરતા કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયા

**ભાવનાબેન ચીખલીયા ફાઉન્ડેશન દ્વારા કોરોનામાં જરૂરીયાતમંદ દર્દિઓને વિનામુલ્યે ઓકસીજન અપાશે**

**ઈરાદા અને નિસ્વાર્થ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા ઓક્સીજન પ્લાન્ટ અને ફરતા દાંતના દવાખાના માટે આર્થિક યોગદાન**







જૂનાગઢ, તા.૨૧

કેન્દ્રીય આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રી મનસુખભાઈ માંડવીયાએ જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના વેક્સીન સેન્ટરની મુલાકાત લઈ ત્રિમૂર્તિ હોસ્પિટલ ખાતે ઈરાદા ફાઉન્ડેશન અને નિસ્વાર્થ ફાઉન્ડેશનઅમદાવાદના આર્થિક સહયોગથી રૂા.૩૦ લાખના ખર્ચે નિર્મિત ઓકસીજન પ્લાન્ટનું તેમજ ફરતા દાંતના દવાખાનાનું પણ લોકાર્પણ કર્યુ હતું.

કેન્દ્રીય મંત્રીએ ત્રિમૂર્તિ હોસ્પિટલ ખાતે ભાવનાબેન ચિખલિયા ફાઉન્ડેશન દ્વારા કાર્યરત થનાર ઓકસીજન પ્લાન્ટનું અને દાંતના ફરતા દવાખાનાનું લોકાપર્ણ કર્યુ હતું. આ તકે તેમણે સ્વ.ભાવનાબેન ચિખલિયાને જન પ્રતિનિધિ તરીકે આદર્શ મુલ્યો પ્રસ્થાપિત કરનાર ગણાવી ભાવનાબેન ચીખલીયા ફાઉન્ડેશનની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી હતી. રૂા.૩૦ લાખના ખર્ચે કાર્યરત થયેલ ઓકસીજન પ્લાન્ટ ઈરાદા ફાઉન્ડેશન અને નિસ્વાર્થ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરવામાંઆવેલ છે. જેનાથી ૨૫ બેડને ઓકસીજનની સુવિધા મળશે. આ ઓકસીજન જરૂરીયાતમંદ દર્દિઓને ભાવનાબેન ચિખલિયા ફાઉન્ડેશન દ્વારા કોઈપણ ચાર્જ લીધા વગર અપાશે તેમ ડો.ડી.પી.ચિખલિયાએ જણાવ્યું હતું. દાંતનું ફરતું દવાખાનું ગ્રામ્યવિસ્તારોમાં સુવિધા માટે ઈરાદા ફાઉન્ડેશન અને નિસ્વાર્થ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવેલ છે. જેનાથી ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને આરોગ્ય સુવિધા મળશે. આ ફરતા દવાખાના સાથે દંત ચિકિત્સક સહિતની સુવિધા અપાશે. આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ગૌ-સેવા આયોગના અધ્યક્ષ ડો.વલ્લભભાઈ કથીરિયા, મેયર ધીરૂભાઈ ગોહેલ, અગ્રણી ઝવેરીભાઈ ઠકરાર, પુનીતભાઈ શર્મા સહિતના અગ્રણીઓ, ડોકટરો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રિય મંત્રીનું સ્વાગત ડો. ડો. ડી.પી. ચીખલીયાએ કર્યુ હતુ.

## સરોવર પોર્ટિકોનાં એમડી સંજય કોરડીયા દ્વારા કેન્દ્રીય મંત્રી શ્રી માંડવીયાનું સન્માન કરાયું





જૂનાગઢ, તા.૨૧

જન આશીર્વાદ યાત્રા અંતર્ગત કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા ગઈકાલથી જૂનાગઢ પધારતા ઉત્સાહનો માહોલ હતો. તેઓએ પદાધિકારીઓ સાથે ભવનાથમાં પૂજન કરીને ગરવા ગિરનાર રોપવે દ્વારા માં અંબાજીના દર્શન કર્યા અને આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. આ સફરમાં સાંસદે પીએમ નરેન્દ્ર મોદીને યાદ કરી તેમના પ્રયત્નોથી જૂનાગઢને મળેલ રોપવેની ભેટ માણી હતી. સિવિલ હોસ્પિટલની મુલાકાતમાં તેમણે ઝડપી રસીકરણ માટે મેડિકલ ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા બાદ જૂનાગઢની વિખ્યાત હોટેલ બેલેવ્યું સરોવર પોર્ટિકોમાં આવેલ ત્યાં એમ.ડી. સંજય કોરડીયા અને વા.પ્રે.ઓપરેશન નિપુણ વીજ દ્વારા શાલ અને મોમેન્ટોથી કર્મવીર મનસુખભાઈને સન્માનિત કરી સ્વાગત કરેલ હતું.

હોટલની મુલાકાતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની ફેસિલિટી, ઈન્ટરિયર વગેરેને લઈ મેન્જમેન્ટને ધન્યવાદ આપેલ. વિશેષમાં તેઓને જાણ્યું કે યુરોપ -અમેરિકામાં જેમ નળમાંથી [ TAP WATER] પણ પીવાલાયક શુદ્ધ જળ મળે છે તે જ રીતે અહીં આર.ઓ. પાણીની શુદ્ધતા દરેક સ્ત્રોતમાં મળે છે.


આ ઉપરાંત સોરઠમાં કદાચ સૌપ્રથમ એસટીપી 'સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ' પ્રાઈવેટ સ્થાપિત કરવા બાબતે અભિનંદન આપેલ હતા. ઉપરના માળેથી ગિરનારજીના દર્શન કરી હોટેલ બેલેવ્યુ સરોવર પોર્ટિકોનું લોકેશન વખાણેલ., જયાંથી કુદરતની નયનરમ્યતાનો ભરપૂર નઝારો મળે છે. અહીં વિશાળ હોલમાં જૂનાગઢ સાંસદ સાથે નાસ્તા દરમ્યાન પરિવારના માર્ગદર્શક સદસ્યની જેમ મનસુખભાઈએ ટુરિઝમ વિકાસ બાબતે ચર્ચા કરી હતી. આટલા મોટા પદ ઉપર પહોંચ્યા બાદપણ દરેક સાથે ફોટોસેશન અને લાગણી સભરતાથી કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ રહ્યો. અંતે હોટેલમાં પ્રથમ માળે કોન્ફરન્સ હોલમાં પત્રકાર પરિષદના સંબોધનમાં કોરોના દરમ્યાન કેન્દ્ર સરકાર દ્વારા વધારેલ આત્મ નિર્ભરતા બાબતે અને ઝડપથી વિશ્વ કક્ષાની રસી ડેવલોપ કરવા અંગે રસપ્રદ તથ્યો રજુ કરેલ હતા.

## કેરળમાં ઓણમ પર્વની ઉજવણીનો પ્રારંભ

જૂનાગઢ, તા.૨૧

કેરેલીયન લોકોમાં જેનું અત્યંત મહત્વ છે એવા ઓણમ તહેવારની ઉત્સાહભેર ઉજવણીનો પ્રારંભ થયો છે. આ તહેવારની ઉજવણીનો લઈનો કેરેલીયન લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે અને અહીં વસ્તા કેરેલીયન પરીવાર દ્વારા પણ આ પર્વનો મનાવવામાં આવી રહેલ છે. ઘરે ઘરે આકર્ષક રંગોળી દોરી અનો અનોરી સજાવટ સાથો ઓણમ પાર્વ મનાવવામાં આવી રહેલ છે.





## વડાપ્રધાન મોદી તાલિબાન અંગે મગનું નામ મરી કેમ પાડતા નથી : અર્જુન મોઢવાડિયા

અમદાવાદ, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિર ખાતે વોકવે નાં લોકાર્પણ સમયે સોમનાથ મંદિરના વારંવાર વિધ્વંસની વાત કરી. તેઅંગે પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે સોમનાથ મંદિરના વારંવાર વિધ્વંસની વાત સાચી છેપરંતુ એજ સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કોંગ્રેસના નેતા અને દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલના કારણે શક્ય બન્યો હતો. તેમજ મંદિર માટે અનેક મુસ્લિમ ભાઈઓ અને બહેનોએ ઉદાર હાથે જમીન દાન પણ આપી હતી. કોંગ્રેસના તમામ સભ્યોએત્યારે પોતાનો સહયોગ આપ્યો હતો. વડાપ્રધાન મોદી દેશમાં વારંવાર આતંકવાદના નામે બીક બતાવે છે. પરંતુ જે આતંકવાદીઓ આજે અફઘાનિસ્તાન ઉપર કબ્જો કરી બેઠા છે તે અંગે મગનુંનામ મરી કેમ પાડતા નથી.

ચીનના અતિક્રમણ અંગે એક શબ્દ બોલતા નથી. આજે સમગ્રદેશ વડાપ્રધાન મોદીને પુછી રહ્યો છે કે આપની સરકારની વિદેશી નિતી ક્યાં નિષ્ફળ ગઈ કે આજે અફઘાનિસ્તાન ઉપર તાલિબાનનો કબ્જો છે ?

## જામખંભાળિયામાં ગૃહમંત્રીના હસ્તે મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ



જામખંભાળિયા, તા.૨૧ : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્યમથક ખંભાળિયાના જામનગર હાઈવે ઉપર શહેરના પ્રવેશ પથ ઉપર નગરપાલીકા દ્વારા રૂપિયા ૧૭.૨૦ લાખના ખર્ચે તૈયાર કરાયેલી મહારાણા પ્રતાપની પંચધાતુની પ્રતિમાનું અનાવરણ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. ખંભાળિયામાં ટાઉનહોલ ખાતે મંત્રી પ્રદીપસિંહના અધ્યક્ષસ્થાને સંસદસભ્ય પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં મહારાણા પ્રતિમા અનાવરણનો કાર્યક્રમ યોજાયો હતો.

## રાઈટ ટુ એજયુકેશન હેઠળ ખાનગી શાળાઓને અપાતું ફંડ સરકારી શાળાઓમાં વાપરવામાં આવે

### આરટીઈ એકટમાં સુધારો કરવા સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજની માંગ

રાજકોટ, તા.૨૧

વિદ્યાર્થીઓની માર્ગદર્શક સંસ્થા સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજના સ્થાપક ટ્રસ્ટી અને ચેરમેન યશવંતભાઈ જનાણીએ રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને અનુરોધ કરી જણાવેલ છે કે, આર.ટી.ઈ. એટલે કે રાઈટ ટુ એજયુકેશન હેઠળના ગરીબ અને મધ્યમવર્ગને બીપીએલ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓને ખાનગી પ્રાથમિક શાળાઓના બદલે રાજય સરકાર હસ્તકની જીલ્લા પંચાયત કે મ્યુ.કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળામાં જ નિયત કરેલ કવોટા પ્રમાણે પ્રવેશ આપવો જોઈએ અને સારામાં સારૂ શિક્ષણ મળે તે માટે વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. આ સાથે આ વિદ્યાર્થીઓને ખાનગી પ્રાથમિક શાળાઓને અપાતું ફંડ રાજય સરકાર હસ્તકની પ્રાથમિક શાળાઓના વિકાસ માટે વાપરવું જોઈએ તેવી અમારી માંગણી અને લાગણી છે. આ માટે આરટીઈ એકટમાં સુધારો કરવો જોઈએ જેના માટે મુખ્યમંત્રી કે શિક્ષણમંત્રીએ કેન્દ્ર સરકારના શિક્ષણમંત્રી અને શિક્ષણ વિભાગને ભલામણ કરવી જોઈએ.

સરકાર રાજય હસ્તકના પ્રાથમિક શિક્ષણને વધુ સુસજજ અને ઉચ્ચ ગુણવત્તાયુકત બનાવવા માંગે છે. સાથો સાથ પ્રાથમિક શાળાઓમાં ભણાવતા શિક્ષકોને વિવિધ તાલીમો દ્વારા સુસજજ કરવામાં આવે છે. આ માટે રાજય સરકાર ખુબ મોટો ખર્ચ કરેછે તોપછી રાજય સરકાર પોતાના હસ્તકની પ્રાથમિક શાળાઓને બદલે આરટીઈ યોજના હેઠળ શા માટે ખાનગી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપે છે? આનો અર્થ એ થયો કે રાજય કે કેન્દ્ર સરકાર શિક્ષણના ખાનગીકરણને ઉત્તજન આપે છે અને તેને આર્થિક મદદ કરવા માટે મોટું ફંડ પુરૂ પાડે છે.

## ખંભાળિયામાં રઘુવંશી મહિલા મંડળ દ્વારા વિદ્યાર્થીઓને કીટ વિતરણ

જામ ખંભાળિયા, તા. ૨૧

ખંભાળિયાની જાણીતી રઘુવંશી સેવા સંસ્થા રઘુવંશી મહિલા મંડળ દ્વારા તાજેતરમાં સ્વતંત્રતા પર્વ નિમિત્તે ભિવંડી સ્થિત ધર્મેન્દ્રભાઈ તથા ચેતનાબેન વાજાણીના સંપૂર્ણ આર્થિક સહયોગથી ૧૩૦ સ્ટેશનરી કીટ વિતરણ હરીપુર તાલુકા શાળાના વિદ્યાર્થીઓને કરવામા આવ્યું હતું. આ કાર્યક્રમમાં રઘુવંશી મહિલા મંડળના પ્રમુખ જેમીનીબેન મોટાણી અને અન્ય કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. આ આયોજનને સફળ બનાવવા માટે હરીપુર તાલુકા શાળાના આચાર્ય દિપેનભાઈ બારાઈ તથા સ્ટાફે જરૂરી સહકાર આપ્યો હતો.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

## ગની યુએઈના શરણે અને અફઘાનિસ્તાન તાલિબાનીઓના આતંકનો શિકાર

અફઘાનિસ્તાન ઉપર કબજો મેળવ્યા બાદ દરરોજ તાલિબાનનો ક્રૂર ચહેરો સામે આવી રહ્યો છે. તાજેતરમાં બદગીસ પ્રાંતમાં તાલિબાને બદગીસ પોલીસ વડા હાજી મુલ્લા ઉપર ગોળીબાર કર્યો હતો. હાજી મુલ્લાએ થોડા દિવસો પહેલા તાલિબાન સામે આત્મસમર્પણ કર્યુ હતું. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે. તાલિબાને હાજી મુલ્લાના બંને હાથ બાંધીને તેને સૂમસામ સ્થળે ઘૂંટણિયે બેસાડી દીધા છે. તેમના હાથપણ બંધાયેલા છે. તાલિબાન સ્થાનિક ભાષામાં કંઈકબોલી રહ્યા છે. થોડા સમય પછી હાજી મુલ્લા પર ફાયરિંગ કરવામાં આવે છે. આ અગાઉ બુધવારે એક તસ્વીર સામે આવી હતી જેમાં કંદહારના એક સ્ટેડિયમમાં ભીડની સામે તાલિબાને અફઘાન સેનાના ચાર કમાન્ડરોને મારી નાખ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર કમાન્ડરોએ ૧૩ ઓગસ્ટે તાલિબાન સામે આત્મ સમર્પણ કર્યુ હતું. તાલિબાન સમર્થકોએ કંદહારમાં શાહ વાલી કોટના પોલીસ વડા પાચા ખાનની પણ હત્યા કરી હતી. તાલિબાન સમર્થકોએ જણાવ્યું હતું કે પાચા ખાન એક ભયંકર કમાન્ડર હતો જેમણે તાલિબાન લડવૈયાઓના નખ ઉખાડી દેતા હતા. તાલિબાને માફીની જાહેરાત કરતા પહેલા તેમને મારી નાખ્યા છે. તાલિબાનના કબ્જા પછી અમેરિકા અફઘાનિસ્તાન સાથે હથિયારોની ડિલ નહી કરે. અમેરિકાના રાષ્ટ્રપતિએ દરેક પ્રકારની ડિલ્સને રદ કરી દીધી છે. અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં પોતાને કાર્યકારી રાષ્ટ્રપતિ ઘોષિત કરનારા અમરુલ્લા સાલેહ સાથે જોડાયેલા ટ્વિટર એકાઉન્ટસને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સાલેહ સતત તાલિબાન વિરોધી ટ્વિટ કરી રહ્યા હતાં.

પૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈ, અબ્દુલ્લા અને અન્ય નેતાઓએ ગુરુવારે કાબુલમાં પાકિસ્તાની રાજદૂત મન્સૂર અહમદ ખાન સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં નવી સરકાર ઉપર ચર્ચા કરવામાં આવી હતી. તાલિબાને ૧૫ ઓગસ્ટનાં રોજ અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં પોતાનો ઝંડો લગાવ્યો છે. તાલિબાની શાસનના ઠીક પાંચમા દિવસે એટલે કે ૧૯ ઓગસ્ટે અફઘાનિસ્તાન પોતાની આઝાદીની ઉજવણી કરી રહ્યું છે. તાલિબાની શાસન વિરુદ્ધ આઝાદીના દિવસે અનેક વિસ્તારોમાં લોકો તાલિબાન વિરુદ્ધ પ્રદર્શનમાં અફઘાનિસ્તાનનો ઝંડો લહેરાવી રહ્યાં છે. પાકિસ્તાનની બોર્ડર નજીક આવેલા કુનાર પ્રાંતની રાજધાની અસાદાબાદમાં સ્વતંત્રતા દિવસનાં ઉપક્રમે કાઢવામાં આવેલી રેલીમાં લોકો અફઘાની ઝંડો લહેરાવી રહ્યાં હતા. જેના ઉપર તાલિબાનોએ ફાયરિંગ કર્યુ હતું, જેનાથી ભાગદોડ જોવા મળી હતી. હિંસામાં બે લોકોના મોત થયા હતા. રાજધાની કાબુલના પશ્તૂનિસ્તાન ચોકમાં તાલિબાન વિરોધીઓએ અફઘાનિસ્તાનનો રાષ્ટ્રીય ઝંડો ફરકાવ્યો છે. જલાલાબાદમાં પણ બુધવારે રાષ્ટ્રીય ઝંડાની સાથે પ્રદર્શન કરી રહેલા લોકો ઉપર તાલિબાને ફાયરિંગ કર્યુ હતું. જેમાં ત્રણ લોકોના મોત નિપજયા હતા. અહીં પત્રકારોને પણ મારવામાં આવ્યા હતા. આ વચ્ચે તાલિબાને કહ્યું કે અફઘાનિસ્તાનનો ઝંડો હવે નવી બનનારી તાલિબાની સરકાર નક્કી કરશે. તાલિબાનની ક્રૂરતાની તસ્વીર આખી દુનિયા જોઈ રહી છે, પરંતુ પાકિસ્તાન તેનું ખુલ્લું સમર્થન કરી રહ્યું છે. પાકિસ્તાનના વિદેશમંત્રી શાહ મહમૂદ કુરૈશીએ કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં અશરફ ગનીની સરકારે તાલિબાન વિરૂધ્ધ જે પ્રોપગેન્ડા ચલાવ્યો હતો એ ખોટો સાબિત થયો છે. કુરૈશીનું કહેવું છે કે તાલિબાને તો તમામને માફ કરવાની જાહેરાત કરી છે અને તેઓ છોકરીઓનો અભ્યાસ પણ નથી રોકી રહ્યા. તાલિબાને અત્યાર સુધીમાં જે શાંતિપૂર્વકના પગલાં લીધાં છે એનું સ્વાગત કરીએ છીએ. પાકિસ્તાનના વિદેશમંત્રી શાહ મહમૂદ કુરૈશીએ કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં અશરફ ગનીની સરકારે તાલિબાન વિરૂધ્ધ જે પ્રોપગેન્ડા ચલાવ્યો હતો એ ખોટો સાબિત થયો

પાકિસ્તાનના વિદેશમંત્રી શાહ મહમૂદ કુરૈશીએ કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં અશરફ ગનીની સરકારે તાલિબાન વિરૂધ્ધ જે પ્રોપગેન્ડા ચલાવ્યો હતો એ ખોટો સાબિત થયો અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન વચ્ચે ઘણા વિસ્તારોમાં તાલિબાનનો વિરોધ પણ થઈ રહ્યો છે, પરંતુ આવા લોકોને ગોળીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સ્વભાવ મળે તો જ મનમેળ રહે.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.ફરવરદીન-૧૩૯૧, મુ. મોહરમ-૧૪૪૩, જૈનવીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ સુદ-૧૪ અશ્વત્થ મારૂતિપૂજન, વ્રતની પૂનમ, નારિયેળી પૂર્ણિમા, ઋક શ્રાવણી, પા.ખોરદાદ સાલ તા.૨૧ ઓગષ્ટ ૨૦૨૧, શનિવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૧૨, શ્રવણ નક્ષત્ર, સૌભાગ્ય યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૩૦, સૂ.અ.૧૯:૧૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આર્થિક અસ્થિરતા સર્જાય. મનની મુરાદ બર ન આવે.
વૃષભ : હિતશત્રુઓનું જોર વધે. સારા કાર્યો અટકી-અટકીને પૂર્ણ થાય.
મિથુન : વ્યર્થ ક્રોધ રહે. માનસિક અશાંતિના ભોગ બનવું પડે.
કર્ક : મનમાં અશાંતિ રહે. પ્રિયજનથી વિરહ.
સિંહ : ભાગીદારીથી લાભ થાય. યશ-પ્રતિષ્ઠા મળે.
કન્યા : પારિવારીક જવાબદારી વધે. શુભ કાર્યોમાં ધન વપરાય.
તુલા : નવિન તક મળે. શત્રુપક્ષથી સાવધ રહેવું.
વૃશ્ચિક : પુરુષાર્થ અને પરાક્રમ વડે પ્રતિકુળ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢી શકશો.
ધન : સાહસિક કાર્યોમાં ધન લાભ થાય. પ્રવાસમાં ધન હાનિના યોગ છે.
મકર : નવિન ઓળખાણ થાય. આર્થિક સમસ્યા દૂર થતી જણાય.
કુંભ : સ્વજનો કે નજીકના મિત્રોથી લાભ. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
મીન : આર્થિક મુશ્કેલી દૂર થાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે.

### સંતો, કવિઓ, સાહિત્યકારો,કલાકારો, કેળવણીકારો અને સારસ્વતશ્રીઓના હસ્તે

# એસજીવીપી ગુરુકુલમાં કવિશ્વરની સ્મૃતિમાં ચંદ્રાવળા પુસ્તકનું વિમોચન કરાયું

**પ્રથમવાર યોજાયેલા ત્રિભુવનસત્રમાં હાસ્યકલાકાર ડો.જગદીશ ત્રિવેદીએ છટાદાર શૈલીમાં ચોટદાર ચંદ્રાવળા પ્રસ્તુત કર્યા**




અમદાવાદ, તા.૨૧

ગાંધી યુગના પ્રતિભાશાળી સર્જક,સંનિષ્ઠ કેળવણીકાર અને સ્વાતંત્ર્યસેનાની કવિશ્વર ત્રિ.ગૌ.વ્યાસની સ્મૃતિમાં એસજીવીપી મેમનગર ગુરૂકુલ દ્વારા પ્રથમવાર "ત્રિભુવનસત્રનું ગૌરવપદ આયોજન કરાયું હતું.

પવિત્ર શ્રાવણ માસ અને આઝાદીના અમૃતપર્વની ઉજવણી દરમ્યાન શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલમાં પરમ પૂ.સ્વામી માધવપ્રિયદાસજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા "ત્રિભુવનસત્ર"માં વિદ્વાન સંતો,કવિઓ,સાહિત્યકારો,કલાકારો, કેળવણીકારો અને સારસ્વતશ્રીઓએ ગુરૂકુલ દ્વારા પ્રકાશિત "ચંદ્રાવળા" પુસ્તકનું વિમોચન કરીને માતૃભાષા અને માતૃભૂમિનું મહિમાગાન કરી સાહિત્યક્ષેત્રે ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવામાં સર્વશ્રેષ્ઠ યોગદાન આપનારા કવિશ્વર ત્રિ.ગૌ.વ્યાસની સાહિત્યિક સેવાઓને ગૌરવપુર્વક બિરદાવી હતી.

"ત્રિભુવનસત્ર"ના વકતાશ્રી સતીશ વ્યાસે 'સત્યશોધના સાહિત્યકાર ત્રિ.ગૌ.વ્યાસ એ વિષે વકતવ્ય આપતા જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રની ખમીરવંતી ભૂમિનું યશોગાન કરનારા કવિશ્રી ત્રિ.ગૌ.વ્યાસે ગીરની પ્રકૃતિને મનભેર માણીને તેમણે ઉત્તમ પ્રાકૃતિક કાવ્યોની રચના કરી છે.તેમનામાં જે શિક્ષકત્વને સર્જકત્વ હતું એનાથી એમના જીવનમાં શિક્ષણ, ધર્મ અંને સાહિત્યનો પ્રયાગ રચાયો હતો.

ત્રિ.ગૌ.વ્યાસના બાળકાવ્યોનું આસ્વાદન કરાવતા ચંદ્રકાન્ત વ્યાસે જણાવ્યું હતું કે, કવિ ત્રિભુવન વ્યાસે કુલ ૫૩૦ જેટલા કાવ્યો રચ્યાછે જેમાં ૧૫૫ બાલકાવ્યો છે. કવિની ઓળખ વગર તેની કાવ્ય રચના કંઠસ્ઠ થઈ જાય તેવા ઉત્તમ કાવ્યો તેમણે આપ્યા છે. પ્રકૃતિ સાથેની તન્મયતા અને બાળકો સાથે આત્મસાત થઈને તેઓ બાલ સાહિત્યકાર થઈ શકયા છે. જયારે ડો.સમીર ભટ્ટે ઘર દીવડે મારગ હરિનો એ વિષે પ્રવચન આપ્યું હતું.

ત્રિભુવન સત્રના મુખ્ય વકતા લોકપ્રિય હાસ્ય કલાકાર ડો.જગદીશ ત્રિવેદીએ તેમની છટાદાર શૈલીમાં કવીશ્વર ત્રિભુવન ગૌ.વ્યાસ રચિત ચોટદાર ચંદ્રાવળા પ્રસ્તુત કરી સાહિત્ય રસિકશ્રોતાઓને મંત્રમુગ્ધ કરતાં જણાવ્યું હતું કે ચંદ્રાવળા આજે સાહિત્યના ક્ષેત્રમાંથી લુપ્ત થઈ ગયા હોવાથી નવોદિત સર્જકો તેના વિષે કાંઈ જાણતા નથી. પચાસ વર્ષ પહેલાં રચાયેલા ચંદ્રાવળામા કવિએ લોકદર્શન કર્યું છે. લોક સાહિત્યમાંથી લુપ્ત થયેલો પ્રકાર ચંદ્રાવળાને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરીને એસજીવી.પી ગુરૂકુળે ઉત્તમ સેવાયજ્ઞ કર્યો છે.

વૈદિક સંસ્કૃતિને અનુસરી ગુરૂકુળનું સંચાલન કરી વૈવિધ્યપૂર્ણ સેવાકીય પ્રવૃત્તિઓમા ગૌરવપદ યોગદાન આપી રહેલા સંતશ્રી માધવપ્રિયદાસજીએ આ પ્રસંગે આર્શિવચન આપતા કહ્યું હતું કે, વાસ્તવિકતાની અસર બતાવી રહેલા ચંદ્રાવળાને અમે દર્પણ માનીએ છીએ.

સાહિત્યક્ષેત્ર માટે ગૌરવપદ અને પ્રેરણાસ્રોત બનેલા આ કાર્યક્રમમા સંત બાલકૃષ્ણદાસજી, સાધુ યજ્ઞવલ્લભદાસજી, ગુરૂકુલના સંતો, કવિ રાજેન્દ્ર શુકલ, માધવ રામાનુજ, હરદ્વાર ગોસ્વામી, રજનીકુમાર પંડ્યા, શરદ ઠાકર, રાઘવજી માધડ, કિશોરસિંહ સોલંકી, મહેશ યાજ્ઞિક, ભાવેશ ભટ્ટ, ભાવીન ગોપાણી, છાયાબેન ત્રિવેદી, પૂર્વિ ઓઝા, રક્ષાબેન શુકલ, જશવંત મહેતા, હરેશ ત્રિવેદી, મનસુખસલ્લા, ગાયક કલાકાર અરવિંદ બારોટ, ગુરૂકુલના કેમ્પસ ડાયરેક્ટર જયદેવભાઈ સોનગરા, હાઈકોર્ટના નિવૃત્ત જજ શ્રી ઢોલરીયા, ડો.અશ્વિન આણદાણી, કડી સાહિત્ય વર્તુળના સભ્યો, કવિ પરિવારના સભ્યો રશ્મિબેન, પુષ્પાબેન, ચંદાબેન અને વિમલભાઈ દવે સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વામી માધવપ્રિયદાસજીએ કવિઓ, સાહિત્યકારો,કલાકારો અને કેળવણીકારોનું ગૌરવપદ અભિવાદન કર્યું



માતૃભાષા ગુજરાતીને સમૃદ્ધ કરવામાં સર્વશ્રેષ્ઠ યોગદાન આપનારા લોકપ્રિય કવિ ત્રિભુવન ગૌ.વ્યાસની સ્મૃતિમાં ગુરૂકુળમાં પ્રથમવાર યોજાયેલ ત્રિભુવનસત્રમાં ચંદ્રાવળા પુસ્તકના વિમોચન પ્રસંગે ગુજરાતના ખ્યાતનામ કવિઓ,સાહિત્યકારો,કલાકારો અને સંનિષ્ઠ કેળવણીકારો ઉપસ્થિત રહ્યા હતા. ગુરૂકુલના સ્વામી માધવપ્રિયદાસજીએ તમામને સન્માનીત કરી તેમનું ગૌરવપદ અભિવાદન કર્યું હતું.

### ચંદ્રાવળાનું મૂળ લોકસાહિત્યમાં છે : ડો.જગદીશ ત્રિવેદી




ચંદ્રાવળા પુસ્તકના વિમોચન પ્રસંગે તેની રચના વિષેની વિસ્તૃત જાણકારી આપતા હાસ્ય કલાકાર ડો.જગદીશ ત્રિવેદીએ જણાવ્યું હતુંકેસાહિત્યના ક્ષેત્રમાંપચાસ વર્ષથી લુપ્ત થયેલા ચંદ્રાવળાના મૂળ લોકસાહિત્યમા છે. છપ્પા અને ચાબખાના જેવું સ્વરૂપ ધરાવતા ચંદ્રાવળા ગામઠી શબ્દો અને સરળતાથી સમજી શકાય એમ હોવાથી તેની રચનાઓ લોકપ્રિય બની હતી.કવીશ્વર ત્રિ.ગૌ.વ્યાસના ચંદ્રાવળાનું પ્રકાશિત થયેલ પુસ્તક સાહિત્ય રસિકો અને ભાષા સાહિત્યના વિદ્યાર્થીઓને પીએચડીનો અભ્યાસ કરવા માટે ઉપયોગી બની રહેશે.

## શ્રી બુઢ્ઢા અમરનાથની કથા



**શ્રાવણ સત્સંગ**

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**દેવેન કનકચંદ્ર વ્યાસ**

કાશ્મીરના પુંચ ક્ષેત્રમા પુંચથી ૨૨ કિ.મી.ના અંતરે રાજપુરા મંડીમા શ્રી બુઢ્ઢા અમરનાથજીનું એક અતિ પ્રાચીન મંદિર આવેલું છે. પહાડીઓની વચ્ચે આવેલા આ પવિત્ર સ્થળની યાત્રાનું મહત્વ અમરનાથ યાત્રા જેટલું જ ગણાવાયું છે.

આ શિવજીને આદિ અમરનાથજી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સ્થળે લંકાપતી રાવણના પિતામહ(દાદા) મહર્ષિ પુલસ્ત્યએ ઉગ્ર તપસ્યા કરી હતી. તેથી જ આ જગ્યાએ પુલસ્તનગરના નામથી પણ ઓળખવામાં આવે છે. જે સમયાંતરે અપભ્રંશ થઈ પ્રોંસ, પુંતસ્, પુંજ અને પછી પુંચ થઈ ગયું. આ સ્થાન લાંબા સમય સુધી ગુપ્ત રહ્યું હતું.

આ સ્થળ અંગે એવી કથા છે કે, લોહકાર(લોરન) ના મહારાણી ચંન્દ્રિકાદેવી પરમ શિવભક્તિ હતા. તે દર વર્ષે પવિત્ર શ્રી અમરનાથજીના દર્શનાર્થે જતા. એક વખત અત્યંત ખરાબ વાતાવરણના કારણે તે આ યાત્રાને ન જઈ શક્યા. તેથી તે અત્યંત વ્યાકુળ થઈ ગયા. તેમણે અન્ન અને જળનો પણ ત્યાગ કરી દીધો. ભગવાન શ્રી અમરનાથજીના દર્શન ન કરી શકવા બદલ મહારાણી ચન્દ્રિકાદેવીને અત્યંત પ્રશ્ચાતાપ થવા લાગ્યો. મહારાણી બેચેન બની ગયા.

ત્યારે સ્વયં ભગવાનશ્રી શિવજીએ એક વૃધ્ધ ઋષિના રૂપમાં મહારાણીને દર્શન આપ્યા. અને એક નિશ્ચિત સ્થાન ઉપર લઈ જઈ ત્યાં જમીન ઉપર ખોદકામ કરાવવા જણાવ્યું. ત્યાં ખોદકામ કરવામાં આવ્યું તો ભવ્ય શિવ મંદિર નિકળ્યું.

આ મંદિરમાં સફેદ પથ્થરનું એક ભવ્ય શિવલીંગ નિકળ્યું. ઋષિએ મહારાણી ચન્દ્રિકાદેવીને કહ્યું, આ શિવલીંગના દર્શનનું શ્રી અમરનાથજીના દર્શન કરવા જેટલું જ છે. આમ કહી ઋષિ અદ્રશ્ય થઈ ગયા. ભગવાન શ્રી શિવજી સ્વયં. વૃધ્ધના રૂપમાં આવ્યા તેથી આ સ્થાન બુઢ્ઢા(વૃધ્ધ) અમરનાથજીના નામથી જગપ્રસિધ્ધ થયું. મહારાણી પ્રસન્ન થઈ ગયા અને તેમની અભિલાષા પરિપૂર્ણ થઈ ગઈ.



આ ભારેખમ સ્કૂલ બેગ ઉપાડી ડોકટર કે વકીલ ન થઈએ તો મોટા થઈને સફળ મજુર થઈ શકશું !



અત્યંત ભારે સ્કૂલ બેગ ઉપાડી મને સ્કૂલે મુકી જાય અને પાછો લઈ આવે તેવો મજુર લાવી આપોને !

## રાહુલ ગાંધીના મોદી સરકાર ઉપર પ્રહાર, કહ્યું ગરીબી વધારવાનું ઓછું કરો અને આ યોજના લાગુ કરો

નવી દિલ્હી તા.૨૧

કોંગ્રેસના પૂર્વઅધ્યક્ષ રાહુલ ગાંધીએ ફરી વખત મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. રાહુલ ગાંધીએ આ વખતે કેન્દ્ર સરકાર પર આરોપ લગાવતા કહ્યું કે સરકાર ગરીબી વધારી રહી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે સરકાર દેશમાં ગરીબી વધારી રહી છે. જેથી તેમણે ન્યાય યોજના લાગૂ કરાવાની વાત કરી છે.

**૧૩.૪ કરોડ લોકો દિવસના ૧૫૦ કમાય છે**

ફેસબુક પર પોસ્ટ કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે મોદી સરકાર દેશમાં ગરીબી વધારી રહી છે. સાથેજ તેમણે કહ્યું કે દેશની ૧૩.૪ કરોડની જનતા દિવસના ૧૫૦રૂપિયા કરતા પણ ઓછા કમાઈ રહ્યા છે. જેથી આ લોકોને ન્યાય યોજના અંતર્ગત મહિને ૬ હજાર આપવા જોઈએ.

**૨૦૨૦માં ૬ કરોડ લોકો દિવસના ૧૫૦ કમાતા હતા**

રાહુલ ગાંધીએ પ્યૂ રિસર્ચ સેંટરનો ચાર્ટ રજૂ કર્યો જેમા એવો દાવો કરવામાં આવ્યો છે કે ૨૦૨૦માં ૬ કરોડો લોકો ૧૫૦ રૂપિયા દિવસના કમાતા હતા પરંતુ ૨૦૨૧માં આકડો ૧૩.૪ કરોડ સુધીનો પહોચી ગયો છે. કે જેઓ દિવસના ૧૫૦ રૂપિયા કમાય છે.

**૫ કરોડ ગરીબ પરિવારોને ૬૦૦ આપવાની માગ**

ગત વર્ષે લોકસભા ચૂંટણી વખતે રાહુલ ગાંધીએ ન્યાય યોજનાનો વાયદો કર્યો હતો. કોગ્રેસે કહ્યુ હતું કે જો તેઓ સત્તા પર આવસે ત્યારે તેઓ ૫ કરોડ ગરીબ પરિવારોને મહિને ૬ હજાર રૂપિયા આપશે. જોકે તેમની કોંગ્રેસની હાર થઈ હતી જેથી વાયદો વાયદોજ રહી ગયો હતો.

**લાઠીચાર્જ કરતો વીડિયો અપલોડ કર્યો**

ઉલ્લેખનીય છે કે રાહુલગાંધીએ અગાઉ એક વીડિયો પોસ્ટ કર્યો હતો. જેમા રોજગારી માટે વિરોધ કરી રહેલા યુવાનો પર પોલાસ લાઠીચાર્જ કરતી નજરે પડી હતી. વીડિયો અપલોડ કરીને તેમણે એવું કહ્યું હતું કે રોજગાર માગશો તો લાકડી મળશે. કારણકે ભાજપ સરકાર માત્ર મારામારી કરતા જાણે છે.

## પ્રાચી તીર્થ ખાતે કોળી સમાજ ભવનમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો

**કુલ ૨૧૭ દર્દીઓએ લાભ લીધો**



પ્રાચી તા. ૨૧

પ્રાચી તીર્થના કોળી સમાજ ભવનમાં શ્રી સદગુરૂ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ નેત્ર નિદાન કેમ્પના દાતા વૈદ વજુભાઈ પરમાર ગોરખમઢી તથા કૃપાલુ શૈક્ષણિક સંકુલના મેનેજીંગ ટ્રસ્ટી વીરાભાઈ વરસીંગભાઈ ઝાલા, ડોક્ટર જાની તથા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા દીપ પ્રાગટ્ય કરીને અને ગાયત્રી પરિવારના જાદવભાઈ ચુડાસમા સહીત ઉપસ્થિત રહયા હતાં.

# શા માટે અમેરિકી પ્રશિક્ષિત અફઘાન સેના તાલિબાનનો સામનો કરવામાં નિષ્ફળ રહી



અંકારા,તા.૨૧

નાના વહીવટી જિલ્લાઓ અને પ્રાંતીય સ્થાનો પર ઝડપથી કબજો મેળવ્યા બાદ તાલિબાને રવિવારે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં પ્રવેશ કર્યો અને સત્તા કબજે કરી. લગભગ ૨૦ વર્ષમાં પ્રથમ વખત નાટકીય રીતે દેશની લગામ સંભાળી. તાલિબાનીઓ ચીલઝડપે સત્તા પ્રાપ્ત કરતા ઘણાનો આશ્ચર્યચકિત કર્યા. બાદમાં બાઈડેને સ્વીકાર્યું કે અફઘાન સૈન્ય ઉપર ઝડપી હુમલાથી તેમનો વહીવટ અટકી ગયો. ગયા મહિનામાં અંતમાં, તેમણે જાહેર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તાલિબાનના હુમલાનો સામનો કરવા યુએસ પ્રશિક્ષિત અફઘાન રાષ્ટ્રીય સુરક્ષા દળો પાસે વધુ સારા તાલીમાર્થીઓ અને સાધન સામગ્રી છે. તેમણે કહ્યું તેમને અફઘાન સૈન્યની ક્ષમતા ઉપર વિશ્વાસ છે, તેમની પાસે સજ્જ પ્રશિક્ષિત, વધુ સારી સામગ્રી અને તાલિબાનની સરખામણીએ યુદ્ધના મોરચે લડવા સૈન્ય વધુ સક્ષમ છે. બાઈડેનો વધુ જણાવતા કહ્યું કે અફઘાન સરકાર અને નેતૃત્વ સ્પષ્ટપણે સરકારને સ્થાયી કરવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ તેના બદલે તાલિબાનોએ અઠવાડિયામાં અફઘાનિસ્તાન ઉપર કબજો કરી લીધો. યુદ્ધગ્રસ્ત દેશમાંથી વિદેશી સૈનિકો પૂર્ણરીતે સ્થળાંતરીત થાય તે પહેલા જ અફઘાન ઉપર પોતાની સત્તા તાલિબાનીઓ સ્થાપિત કરી દીધી. અફઘાન સરકાર એક જ ઝાટકે પડી ભાંગી. રાષ્ટ્રપતિ અશરફ ગની અન્ય મુખ્ય અધિકારી સાથે સલામતી માટે વિદેશ ભાગી ગયા. હજુ સુધી છેલ્લા બે દાયકા સુધી અમેરિકાએ એ અફઘાન સૈન્યની તાલીમ પાછળ ૮૯ અબજ ડોલરનો ખર્ચ કરી સારી સાધનસામગ્રી પૂરી પાડી સૈન્યને સજ્જ કરવાના પ્રયાસો કર્યા છે. આથી એ પ્રશ્ન રહે કે : અફઘાન સૈન્ય કઈ રીતે તાલિબાનોના શરણમાં આવી ગયું ? સારી તાલીમ હોવા છતાં તે શા માટે તાલિબાનીઓનો સામનો કરવા અસમર્થ રહ્યું ? એક નિવૃત યુએસ કર્નલ, રિચ આઉટઝેન જેમણે અફઘાનિસ્તાનમાં કામ કર્યું છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું કે અફઘાનિસ્તાનની શરણાગતિ પાછળ અવિશ્વાસ, ભ્રષ્ટાચાર, નબળું રાજકીય નેતૃત્વ અને અસહકારના અભાવે તેમજ અયોગ્ય રાષ્ટ્રીય નીતિ જવાબદાર છે. કમાન્ડરો અને સૈનિકોએ કાબુલમાં વિશ્વાસ ગુમાવ્યો અને અંત સુધી લડયા નહિ. તેમણે એનાદોલુ એજન્સીને કહ્યું, ભ્રષ્ટાચારની સૈનિકોના પગાર, મનોબળ અને પ્રાપ્યતાને પણ અસર થઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે એવા સૈનિકો હતા જેમણે ચોક્કસ માહિતી ના આપી તેઓ ફક્ત કાગળ ઉપરના સૈનિકબની રહ્યા અને કમાન્ડરો પાસેથી ખિસ્સા ભરતા રહ્યા. અફઘાનિસ્તાનમાંથી અમેરિકી સૈનિકોની વિદાયથી દેશમાં મહાસત્તાનો શૂન્યાવકાશ સર્જાયો છે જે અન્ય મહાસત્તાઓ જેવી કે ખાસ કરીને ચીન અને રશિયા આ શૂન્યાવકાશ ભરી શકે તેવું ઘણા લોકોનું માનવું છે.

# લુધિયાણામાં અદાણીએ લોજિસ્ટિક પાર્ક બંધ કરતાં આંદોલનકારી ખેડૂતો ઉજવણીના મૂડમાં



લુધિયાણા તા.૨૧

જ્યારે કૃષિ કાયદાઓ વિરૂદ્ધ રાષ્ટ્રવ્યાપી વિરોધ દેખાવો ચાલી રહ્યાં છે ત્યારે પંજાબમાં કિલા રાજપુરના આંદોલનકારીઓ ઉજવણીના મૂડમાં છે. અદાણી લોજીસ્ટિક પાર્કની બહાર ધરણા ઉપર બેસેલા લોકો વિરોધ કરવાના પોતાના મૂળભૂત અધિકાર સાથે અદાણી જેવા બીગ કોર્પોરેશનને પડકાર ફેંકવામાં સફળ રહ્યાં છે. આ મહિનાના આરંભે આદાણી ગ્રુપે પંજાબ હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરીને એવું જણાવ્યું હતું કે તે ધરણાને કારણે કંપનીને જંગી ખોટ થતાં હવે કિલારાજપુર ખાતેના ઓરપેશન્સનો બંધ કરશે. આંદોલનકારીઓનું માનવું છે કે આ તેમનો વિજય છે. કૃષિ કાયદાથી ઉશ્કેરાઈને ગઈ સાલ સપ્ટે.માં પંજાબમાં કોર્પોરેટ બહિષ્કાર શરૂ થયો હતો કે જ્યારે આંદોલનકારીઓએ તમામ ટોલ પ્લાઝા ઉપર કબજો જમાવ્યો હતો. ત્યારબાદ રિલાયન્સ મોલ્સ, રિલાયન્સ પેટ્રોલપંપ અને કિલારાજપુર તેમજ મોગા ખાતેના બે અદાણી પાર્ક સામે વિરોધ થયો હતો. આ સ્થળોએ કિસાન સંઘો દ્વારા દૈનિક ધરણા યોજાય છે કે જ્યાં તેઓ લોકોને કૃષિ કાયદા અને તેની અસરો અંગે વાકેફ કરી છે અને ઈન્કલાબી તહેવારોની ઉજવણી કરે છે. જાન્યુ.માં જ્યારે આંદોલનકારીઓએ અદાણી બંદરગાહ સામે વિરોધ શરૂ કર્યો ત્યારે ઘણો ખચકાટ પ્રવર્તતો હતો કારણ કે તેઓ દેશના સૌથી મોટા એવા કોર્પોરેશનને ચેલેન્જ કરી રહ્યાં હતાં. પરંતુ માર્ચ સુધીમાં અદાણીએ હાઈકોર્ટના દ્વારો ખટખટાવીને ધરણા સામે રિટ પિટિશન દાખલ કરીને અદાલતને ઉકેલ લાવવા વિનંતી કરી હતી. આંદોલનકારીઓ સાથે ઘણી વાતચીત થઈ હતી પરંતુ કોઈ ઉકેલ આવ્યો ન હતો. પ્રો.સુરીન્દર ગીલ જયપાલે જણાવ્યું હતું કે સ્થાનિક ડીએસપી પણ અમને ધમકી આપવા આવ્યાં હતાં. જયપાલનું માનવું છે કે આ આંદોલનથી તેઓ શકિતશાળી બન્યાં છે કારણ કે મોટી સંખ્યામાં લોકો હવે સંગઠિત બનીને લડી રહ્યાં છે. આંદોલનકારીઓનું હવે માનવું છે કે તેમનો વિજય થયો છે. જો કે તેના કારણે કેટલાય લોકોનો રોજગારો ગુમાવવા પડ્યાં છે. પરંતુ આ વિજય લોકતંત્ર અને તેની પ્રક્રિયાની શક્તિ પ્રદર્શિત કરે છે.

# UPSC સિવિલ સેવામાં સફળતા માટે સ્માર્ટ સ્ટડી જરૂરી : IAS અધિકારી પ્રેરણાસિંહ

## આ છે UPSCમાં સફળતા પ્રાપ્ત કરનાર IASઅધિકારી પ્રેરણાસિંહ તેમણે સિવિલ સર્વિસની પરીક્ષા અંગે અગત્યની ટિપ્સ આપી




નવી દિલ્હી તા.૨૧

આજે આપણે ૨૦૧૭ની બેંચના આઈએએસ ટોપર પ્રેરણાસિંહની સફળતાની ગાથા ચર્ચીશું કે જેઓ ઘણા માટે પ્રેરણાદાયી છે. પ્રેરણાસિંહ હાલ ઉ.પ્ર.માં ઈટાવા ખાતે ચીફ ડેવલપમેન્ટ ઓફિસર તરીકે નિમણૂંક પામેલ છે. પ્રેરણાસિંહે જીપીએસસી પરીક્ષા માટે કેવી રીતે તૈયારી કરવી તેની વિસ્તૃત વાત કરી છે.

**સ્વ-અધ્યયન**

તેમણે જણાવ્યું છે કે યુપીએસસી સિવિલ પરીક્ષા સેવામાં દરેક વ્યક્તિ પોતીની અલગ અલગ રીતે તૈયારી કરે છે પરંતુ એવી કેટલીક રીત અને પદ્ધતિ હોય છે જેને અપનાવીને સારૂ પરફોર્મન્સ બતાવીને આઈએએસ બનવાનું સપનુ પૂરૂં કરી શકાય છે. પ્રેરણાસિંહના જણાવ્યા અનુસાર યુપીએસસીમાં સ્માર્ટ સ્ટડીના અનેક ફાયદા હોય છે. એક તો તૈયારીનો બોજ ઓછો થઈ જાય છે અને સમય પણ બચે છે અને બચેલા સમયમાં તમે તમારા સિલેબસનું રિવિઝન અને જવાબ લેખનની પ્રેક્ટીશ કરી શકો છો.

**આત્મવિશ્વાસ**

તેના કારણે ઉમેદવારનો આત્મવિશ્વાસ વધે છે અને પરીક્ષામાં સારો દેખાવ કરી શકે છે. પ્રેરણાસિંહનું માનવું છે કે ઉમેદવારે ઈન્ટરનેટની મદદ લેવી જોઈએ. તેમણે ઈન્ટરનેટ પર ટોપર્સ પાસેથી સલાહ અને ટિપ્સ મેળવવી જોઈએ.

**એનસીઈઆરટી બુકસનું મહત્ત્વ**

પ્રેરણાસિંહનું માનવું છે કે જો તમારે યુપીએસસીમાં સફળતા પ્રાપ્ત કરવી હોય તો તમારે સૌપહેલા એનસીઈઆરટીના ધો.૬થી ૧૨ સુધીના પુસ્તક વાંચીને તમારો બેઝ મજબૂત કરવો પડશે. પ્રેરણાસિંહે સ્વયં આ રણનીતિ અપનાવી હતી અને તે ઘણી અસરકારક પુરવાર થઈ છે. તેમનું માનવું છે કે તૈયારી કરતી વખતે ઉતાવળ બિલકુલ ન કરવી અને લક્ષ્ય તરફ આગળ વધવું. અહીં ધૈર્ય એ તમારી મંઝીલ સુધી પહોંચવાની ચાવી છે.

**તમામ ઉમેદવારોનો પ્રેરણાસિંહની સલાહ**

પ્રેરણાસિંહ જણાવે છે કે તમામ લોકોએ પ્રિ અને મેઈન્સને સંપૂર્ણ ગંભીરતાથી લેવી જોઈએ. તેમના જણાવ્યા અનુસાર સૌ પહેલા તમારે બેઝીક ક્લીયર કરવાની રહેશે અને ત્યાર બાદ સ્ટાન્ડર્ડ પુસ્તકોમાંથી તૈયારીમાં લાગી જાવ. તમે તૈયારી માટે ઈન્ટરનેટની મદદ લઈ શકો છો. આ ઉપરાંત સીલેબસ કમ્પ્લીટ કર્યા બાદ વધુમાં વધુ રિવિઝન અને આન્સર રાઈટીંગની પ્રેક્ટિસ પણ યુપીએસસીમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

# IASઅધિકારી તરીકેની નોકરી છોડીને રોમન સૈનીએ રૂા. ૧૪૦૦૦ કરોડની કંપની ઊભી કરી

નવી દિલ્હી તા.૨૧

આ છે રોમન સૈની જેમણે રૂા.૧૪૦૦૦ કરોડની કંપની ઊભી કરવા માટે એક વર્ષ બાદ પોતાની આઈએએસ અધિકારી તરીકેની જોબને છોડી દીધી હતી. લાખો યુપીએસસી ઉમેદવારોને મદદ કરતી કંપનીના ફાઉન્ડર રોમન સૈનીની આ પ્રેરણાદાયી સફળગાથા છે. તેમની આ કંપનીનું મૂલ્ય રૂા.૧૪૦૦૦ કરોડ કરતાં વધુ છે. ૧૬ વર્ષની વયે એઆઈઆઈએમએસ પ્રવેશ પરીક્ષા પાસ કરનાર રોમન સૈની સૌથી નાની વયના વ્યક્તિ હતા. ૧૮ વર્ષની વયે રોમન સૈનીએ પ્રતિષ્ઠાવંત મેડિકલ પબ્લિકેશનમાં એક રીસર્ચ પેપર લખ્યું હતું. એમબીબીએસ કર્યા બાદ યુવાન રોમન સૈનીએ એમ્સ ખાતે નેશનલ ડ્રગ ડીપેન્ડન્સ ટ્રીટમેન્ટ સેન્ટર (એનડીડીટીસી) ખાતે કામ કર્યુ હતું. જો કે તેમણે છ મહિના જ ડોક્ટર તરીકે ફરજ બજાવી હતી. ત્યાર બાદ તેમણે આઈએએસની તૈયારી શરૂ કરી હતી.

**આઈએએસ માટે પસંદગી**

૨૨ વર્ષની વયે ભારતની સૌથી અઘરી એવી યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરી હતી. પોતે શા માટે આઈએએસ ઓફિસર બનવાનું પસંદ કર્યુ તે અંગે વાત કરતાં સૈની જણાવે છે કે હું જ્યારે એમબીબીએસ કરી રહ્યો હતો યારે હરિયાણાના દયાલપુરમાં થઈ હતી. ત્યાં મેં જોયું કે લોકો પાયાની સુવિધાઓથી વંચિત હતાં. બસ એ જ ક્ષણે મેં રાષ્ટ્રની સેવા કરવાનો નિર્ણય કર્યો હતો. રોમન સૈની ૨૨ વર્ષની સૌથી નાની વયે સૌથી યુવાન આઈપીએસ અધિકારી હતા અને મ.પ્ર.માં કલેક્ટર તરીકે નિમણૂંક થઈ હતી.

પરંતુ આઈએએસ અધિકારી બન્યા બાદ એકાદ વર્ષમાં તેમણે આ નોકરી છોડી દીધી અને યુપીએસસી પરીક્ષા માટે હજારો આઈએએસ વાંચ્છુઓને આજે મદદ કરનાર પ્લેટફોર્મ અનએકેડેમીની સ્થાપનામાં પોતાના મિત્ર ગૌરવ મુંજાલ સાથે જોડાયો હતો.

**રૂા. ૧૪૦૦૦ કરોડની કંપનીનું સર્જન**

૨૦૧૫માં સૈની, મુંજાલ અને તેમના ત્રીજા સહસંસ્થાપક હેમેશસિંહ દ્વારા સત્તાવાર રીતે સ્થાપવામાં આવેલ કંપની અનએકેડેમી અત્યારે ૧૮૦૦૦ એજ્યુકેટર્સના નેટવર્ક સાથે ભારતનું સૌથી મોટું શિક્ષણ ટેકનોલોજી પ્લેટફોર્મ છે. આ કંપનીનું મૂલ્ય અત્યારે બે અબજ ડોલર એટલે કે રૂા.૧૪૮૩૦ કરોડ છે. આ પ્લેટફોર્મનો ૫ કરોડ કરતાં વધુ એક્ટીવ યુઝર્સ છે.

**સફળતાનો મંત્ર**

રોમન સૈની માને છે કે સફળતા માટે કઈ રીતે શીખવું એ જ પ્રથમ સોપાન છે. તમે કોઈ પણ પડકાર ઝીલો તે પહેલા તેના માટે તમારી તૈયારી હોવી જોઈએ. તેમના જણાવ્યા પ્રમાણે લોકો જીનીયસ જન્મતા નથી, પરંતુ દરેક પાસે નિર્ધારીત લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે જરૂરી જ્ઞાન, ટેલેન્ટ અને કેરેક્ટર હોવું જોઈએ.

# અમેરિકાએ અફઘાન સરકારના અબજો ડોલર ફ્રીઝ કર્યા : અહેવાલ

નવી દિલ્હી તા. ૨૧

અફઘાનિસ્તાન ઉપર કબજો જમાવ્યા બાદ તાલિબાન ભલે સરકાર રચવાની તૈયારી કરી રહ્યું હોય પરંતુ દેશ ચલાવવા માટે તેણે ફંડની તંગીનો સામનો કરવો પડશે. તાલિબાન ખૂબ જ સરળતાથી કાબુલ પર કબજો મેળવવામાં સફળ રહ્યું પરંતુ તેના માટે અફઘાન કેન્દ્રીય બેંકની આશરે ૧૦ અબજ ડોલરની સંપત્તિ મેળવવી અઘરી થઈ પડશે. વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ પ્રમાણે બાઈડન પ્રશાસને સોમવારે અમેરિકી બેંકોમાં રાખવામાં આવેલી અફઘાન સરકારની સંપત્તિને ફ્રીઝ કરી દીધી હતી. આ કારણે તાલિબાન અમેરિકી બેંકોમાંથી અફઘાનિસ્તાનના ખજાનાને નહીં મેળવી શકે. એક અફઘાની અધિકારીના કહેવા પ્રમાણે દેશની કેન્દ્રીય બેંક ધ અફઘાનિસ્તાન બેંક (ડીએબી) પાસે વિદેશી મુદ્રા, સોનું અને અન્ય ખજાનો છે પરંતુ તે કુલ કેટલી સંપત્તિ છે તેની સ્પષ્ટ જાણકારી નથી. અન્ય એક અહેવાલ પ્રમાણે મોટા ભાગની સંપત્તિ અફઘાનિસ્તાનની બહાર રાખવામાં આવેલી છે જ્યાં સુધી પહોંચવુ તાલિબાન માટે મુશ્કેલ છે. અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ અશરફ ગની અને પ્રમુખ અધિકારીઓએ દેશ છોડ્યો ત્યાર બાદ બેંકના ગવર્નર અજમલ અહમદીએ પણ ટ્વીટ કરીને રવિવારે બેંકના પ્રભારથી મુક્ત થયાની અને દેશમાંથી નીકળી ગયાની જાણકારી શેર કરી હતી. આઈએમએફના અહેવાલ પ્રમાણે એપ્રિલ મહિના સુધી અફઘાનિસ્તાનની કેન્દ્રીય બેંક પાસે ૯.૪ અબજ ડોલરની આરક્ષિત સંપત્તિ હતી જે દેશના વાર્ષિક રેવન્યુના ત્રીજા ભાગ જેટલી છે. સંપત્તિનો એક મોટો હિસ્સો અફઘાનિસ્તાનમાં નથી.

# ગૃહ મંત્રાલયે દિલ્હી સરકાર દ્વારા ખરીદવામાં આવેલી ૧૦૦૦ લો-ફ્લોર બસોના સોદામાં CBI તપાસની ભલામણ કરી

નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્ર સરકારે દિલ્હી સરકાર દ્વારા ૧,૦૦૦ એર-કન્ડિશન્ડ લો ફ્લોર બસોની ખરીદીમાં સીબીઆઈ તપાસની ભલામણ કરી છે, જે બાબત શાસક આમ આદમી પાર્ટી (આપ) અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના રાજ્ય એકમ વચ્ચે વિવાદનું કારણ બની છે. ગુરુવારે ગૃહ મંત્રાલય (એમએચએ)એ જણાવ્યું હતું કે, લેફ્ટનન્ટ ગવર્નર અનિલ બૈજલ દ્વારા નિયુક્ત ત્રણ સભ્યોની પેનલે રજૂ કરેલા અહેવાલની તપાસ કર્યા બાદ, જેમાં 'વિગતવાર તપાસ' કરવાની ભલામણ કરવામાં આવી છે, તેના પછી સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનને આ મામલે પ્રાથમિક તપાસ (પીઈ) નોંધવા કહ્યું છે. પીઈ એફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (એફઆઈઆર)ની પુરોગામી છે, જે દરમ્યાન એજન્સી તપાસ કરે છે કે કોગ્નિઝેબલ ગુનો બને છે કે નહીં. સંજોગોવશાત્, જુલાઈના બીજા સપ્તાહમાં હિંદુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, એલ-જી દ્વારા નિયુક્ત પેનલે દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (ડીટીસી) ને બસોના ટેન્ડરિંગ અને પ્રાપ્તિમાં યોગ્ય નિર્ણય લેવા દરમ્યાન ઉદ્ભવતી કેટલીક 'પ્રક્રિયાગત ક્ષતિઓ' શોધવા સિવાય ક્લીન ચિટ આપી હતી. આ અહેવાલમાં કહેવામા આવ્યું હતું કે "બસોની ખરીદીની ટેન્ડરિંગ પ્રક્રિયામાં કોઈ દખલગીરીની જરૂર નથી અને તેમાં કોઈ ગેરરીતિ નથી. કમિટીને, પ્રથમ દ્રષ્ટિએ, કોઈપણ જાહેર અધિકારીની ગુનાહિત ગેરવર્તણૂક વિશે કોઈ સામગ્રી મળી નથી. માત્ર અમુક પ્રક્રિયાગત ક્ષતિઓ હતી જે દેખીતી રીતે યોગ્ય નિર્ણય લેવાની પ્રક્રિયામાંથી ઉદભવે છે. જો કે બજારને સમજવા માટે વધુ પ્રયત્નો અને બિડ્સની વ્યાજબીતાનું મૂલ્યાંકન કરવા માટે જે દર્શાવવામાં આવ્યું છે તેની સરખામણીમાં ઉચ્ચ સ્તરની યોગ્ય મહેનતની જરૂર હતી,. ડીટીસી, જે દિલ્હી સરકાર હેઠળ આવે છે, ગયા વર્ષે માર્ચમાં, ૧,૦૦૦ સીએનજી લો-ફ્લોર બસોની ખરીદી માટે ટેન્ડર બહાર પાડ્યું હતું અને ચાર મહિના પછી આ બસો માટે વાર્ષિક જાળવણી કરાર (એએમસી) ફાળવવા માટે બીજું ટેન્ડર બહાર પાડ્યું હતું. દિલ્હી સરકાર ૧,૦૦૦ બસોની ખરીદીમાં ૮૭૫ કરોડનો ખર્ચ કરી રહી હતી, અને બીજા ટેન્ડર મુજબ એએમસી, ૩,૫૦૦ કરોડનો ખર્ચ કરી રહી છે.



ખરીદી એ એક સમયનો ખર્ચ છે અને જાળવણી કરાર ૧૨ વર્ષ માટે માન્ય છે. જો કે, ભાજપે આ ટેન્ડરમાં ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા હતા. દિલ્હી એલજીના નિર્દેશો ઉપર, રાજ્ય તકેદારી વિભાગે ભૂતપૂર્વ અમલદાર ઓપી અગ્રવાલની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની સમિતિની રચના કરી હતી, અને મુખ્ય સચિવ (તકેદારી) કે આર મીણા અને પરિવહન કમિશ્નર આશિષ કુંદ્રાનો સમાવેશ થાય છે. આ આદેશને દિલ્હી સરકારની સતામણી ગણાવીને અરવિંદ કેજરીવાલની આગેવાનીવાળી દિલ્હી સરકારે સીબીઆઈ તપાસના ગૃહ મંત્રાલયના આદેશની ઝાટકણી કાઢી હતી અને દિલ્હી સરકારે કેન્દ્રના આ પગલાને રાજ્ય સરકારની 'પજવણી' ગણાવી છે. દિલ્હી સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ આરોપોમાં બિલકુલ સત્ય નથી. આ બાબતની સંપૂર્ણ તપાસ કરવા માટે એક સમિતિ પહેલેથી જ રચવામાં આવી હતી, જેણે ક્લિનચીટ આપી હતી

# જૂનાગઢમાં મુસ્લીમ સમાજ દ્વારા મહોર્રમ પર્વ મનાવાયું : તાજીયા આકર્ષણનું કેન્દ્ર બન્યાં

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ શહેરમાં મુસ્લીમ સમાજ દ્વારા મહોર્રમ પર્વ મનાવવામાં આવ્યું હતું. આકર્ષક તાજીયા આકર્ષણનું કેન્દ્ર રહયા હતાં. આ વર્ષે પણ કોરોના મહામારીને લઈ તાજીયાનાં જુલુસ કઢાયા ન હતાં. પરંતુ જે તે સ્થળે તાજીયાને રાખવામાં આવ્યા હતાં. અને જૂનાગઢનાં વિવિધ વિસ્તારોમાં રાખેલ કલાત્મક તાજીયા જોવા માટે ભારે ભીડ ઉમટી પડી હતી. અને આસુરીરાત-માતમ સાથે મહોર્રમ મનાવવામાં આવ્યું હતું. કોરોના ગાઈડલાઈનનાં ચુસ્ત પાલન સાથે મુસ્લીમ બિરાદરોએ મહોર્રમ પર્વને મનાવ્યું હતું. (તમામ તસ્વીર :- ધીરૂ સોની)


સેજનો તાજીયો


દાતારબાપુ



ચકકરફળીયા


જમાલવાડી


નાથીબુ મસ્જીદ


મછીયાવાડા


મોચીગલી


બલોચવાડા


પિશોરીવાડા

# ભારતભરનાં જ્વેલર્સ ૨૩ ઓગસ્ટે ટોકન હડતાલ ઉપર ઉતરશે

## જ્વેલરી ખરીદનારા ગ્રાહકોને HUID દ્વારા ટ્રેક કરવામાં આવી રહ્યા છે, જેનો જ્વેલર્સ વિરોધ કરે છે

મુંબઈ, તા.૨૧

ભારતીય માનક બ્યુરો દ્વારા દેશમાં મનસ્વી રીતે અમલમાં મુકવામાં આવેલી ફરજિયાત હોલમાર્કિંગ પ્રક્રિયાનો વિરોધ કરવા માટે હોલમાર્કિંગ ઉપર નેશનલ ટાસ્ક ફોર્સની હાકલને પ્રતિભાવ આપીને ભારતભરના જ્વેલર્સ સોમવાર, ૨૩ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ ટોકન હડતાલ પર ઉતરશે.

નેશનલ ટાસ્ક ફોર્સની રચના ૩૫૦ એસોસિયેશન / ફેડરેશનો દ્વારા કરવામાં આવી હતી જે સમગ્ર જેમ્સ એન્ડ જવેલરી ઉદ્યોગના ચારેય ઝોનનું પ્રતિનિધિત્વ કરે છે. આ સમિતિનો ઉદ્દેશ દેશભરમાં ફરજિયાત હોલમાર્કિંગનો સરળ અમલ સુનિશ્ચિત કરવાનો છે.

બે સમિતિઓની રચના કરવામાં આવી છે અને લગભગ ૧૦ બેઠકો યોજાઈ છે પરંતુ હજુ સુધી BIS અથવા MoCA દ્વારા લેખિતમાં કોઈ રાહત આપવામાં આવી નથી. BIS એક ધોરણો અને ગુણવત્તાની ખાતરી આપતી સંસ્થા હોવાથી જેમ્સ અને જવેલરી ઉદ્યોગ માટે મહેસૂલ વિભાગની ભૂમિકા ભજવી રહી છે, જે તેમના માટે ખૂબ જ નરમ લક્ષ્ય બની રહ્યું છે. જવેલર્સે લગભગ ૨ મહિના સુધી રાહ જોવી પડતી હતી અને ઉદ્યોગોના ભંગાણમાં પરિણમે તેવા અવ્યવહારૂ કાયદાઓ હતા.

હોલમાર્કિંગ ઉપર નેશનલ ટાસ્ક ફોર્સના સભ્ય અશોક મીનાવાલા, ભૂતપૂર્વ ચેરમેન - ઓલઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલે જણાવ્યું હતું કે, "અમે હંમેશા હોલમાર્કિંગને આવકાર્યું છે કારણ કે તેનાથી અમારા વ્યવસાયો અને અમારા ગ્રાહકોનો વિશ્વાસ ઉભો થયો છે, પરંતુ અમે નવા HUID (હોલમાર્કિંગ યુનિક આઈડી) કારણ કે તેનો સોનાની શુદ્ધતા સાથે કોઈ સંબંધ નથી. નવું એચયુઆઈડી ૬-અંકનો કોડ છે, જે બીઆઈએસને લાગે છે કે સોનાની શુદ્ધતામાં સુધારો થશે, પરંતુ બીઆઈએસ શુદ્ધતામાં કેવી રીતે સુધારો કરી શકે છે તે એક તત્વ પણ સાબિત કરી શકતું નથી, સિવાય કે તે માત્ર એક ટ્રેકિંગ પદ્ધતિ છે. ગ્રાહક સંપૂર્ણ ગુણવત્તાવાળા સોનાના દાગીના ઈચ્છે છે જે આપવાની અમને ખુશી છે. નવી પ્રક્રિયાને 'વિનાશક પ્રક્રિયા' બનાવવામાં આવી છે જે અમારા જ્વેલરીને હોલમાર્ક કરવામાં નુકસાન પહોંચાડે છે. રજિસ્ટ્રેશન રદ કરવા, દંડની જોગવાઈઓ, શોધ અને જપ્તીનું તત્વ આખરે ઉદ્યોગમાં 'ઈન્સ્પેક્ટર રાજ' લાવશે. એક દિવસીય ટોકન હડતાલ એ HUIDના મનસ્વી અમલીકરણ સામે અમારો શાંતિપૂર્ણ વિરોધ છે, જે અવ્યવરૂ અને અમલી નથી. HUID ગ્રાહકોના હિતની વિરૂદ્ધ અને વેપારમાં સરળતાના સિદ્ધાંતની વિરૂદ્ધ છે. HUID બોજારૂપ છે અને ગ્રાહકો માટે પજવણી તરફ દોરી જશે. જમીનના કાયદા મુજબ તે ગેરકાયદેસર પણ છે કારણ કે આ પ્રક્રિયા વ્યક્તિગત નાગરિકોની ડેટા ગોપનીયતા અને વ્યવસાયિક ગુપ્તતામાં દખલ કરે છે. જ્વેલર્સને લાગે છે કે, BISમાં નોંધણી કરાવીને, તેઓએ નુકસાન અને આજીવિકા ગુમાવવાના સંદર્ભમાં તેમના ડેથ વોરંટ ઉપર હસ્તાક્ષર કર્યા છે.


GJC અને GJSCIના ડિરેકટર, હોલમાર્કિંગ પર નેશનલ ટાસ્ક ફોર્સના સભ્ય શ્રી દિનેશ જૈને જણાવ્યું હતું કે, “૧૬ જૂન ૨૦૨૧ થી ૨૫૬ જિલ્લાઓમાં હોલમાર્કિંગ ફરજિયાત કરવામાં આવ્યું છે અને અંદાજ મુજબ ભારતમાં દર વર્ષે ૧૦-૧૨ કરોડ ટુકડાઓનું ઉત્પાદન થાય છે. વધુમાં, લગભગ ૬-૭ કરોડનો વર્તમાન સ્ટોક. ટુકડાઓ હજુ હોલમાર્ક કરવાનાં બાકી છે. આ એક વર્ષમાં હોલમાર્ક કરવા માટે કુલ ટુકડાઓની સંખ્યાને લગભગ ૧૬-૧૮ કરોડ સુધી લઈ જાય છે. હોલમાર્કિંગ કેન્દ્રોની વર્તમાન ઝડપ/ ક્ષમતા લગભગ ૨ લાખ ટુકડાઓ/ દિવસ છે, આ ઝડપે આને ચિહ્નિત કરવા માટે લગભગ ૮૦૦-૯૦૦ દિવસ અથવા ૩-૪ વર્ષ જેટલો સમય લાગશે

વર્ષોનું ઉત્પાદન. હાલમાં નવી માર્કિંગ સિસ્ટમ એટલે કે, HUID ઉત્પાદનોને હોલમાર્ક કરવા માટે લગભગ ૫ થી ૧૦ દિવસનો સમય લઈ રહી છે, પરિણામે સંપૂર્ણ અડચણ આવી છે અને ઉદ્યોગ સ્થિર છે. ઉપરાંત, ઉમેરવા માટે, એચયુઆઈડી મૂર્ખ સાબિતી નથી અને ઘણા મુદ્દાઓ છે જેમ કે એક જ ટુકડા ઉપર ડબલ એચયુઆઈડી, બહુવિધ જ્વેલરી પર સમાન એચયુઆઈડી વગેરે અને આ પહેલેથી જ બીઆઈએસના ધ્યાન ઉપર લાવવામાં આવ્યા છે. વધુમાં, ઉત્પાદકના ટર્નઅરાઉન્ડ સમય ગાળાના પરિણામે રોજગારી ગુમાવવી અને નબળી ROI થશે, પરિણામે ગ્રાહકોને દાગીનાની કિંમતમાં વધારો થશે. હાલની હોલમાર્કિંગ પ્રક્રિયામાં વિલંબને કારણે ટન જ્વેલરી નિષ્ક્રિય પડી રહી છે અને BIS સમસ્યાઓ ઉકેલવાને બદલે આપણી ચિંતામાં આગ લગાવી રહી છે.

મુંબઈ હોલસેલ ગોલ્ડ જ્વેલરી એસોસિએશનના પ્રમુખ હોલમાર્કિંગ ઉપર નેશનલ ટાસ્ક ફોર્સના સભ્ય પ્રકાશ કાગ્રેચાએ જણાવ્યું હતું કે, "જવેલર્સે હોલમાર્કિંગનું સ્વાગત કર્યું છે અને રજિસ્ટ્રેશનમાં વૃદ્ધિ ૩૪,૦૦૦ થી ૮૮૦૦૦ જ્વેલર્સમાં લગભગ ૨૫૦% થઈ ગઈ છે, જે ઝવેરીઓની પ્રતિ પ્રતિબદ્ધતા દર્શાવે છે. જોકે, હોલમાર્કિંગ કેન્દ્રો ઘટાડવામાં આવ્યા છે, કારણ કે ૮૩ કેન્દ્રો કાં તો સ્થગિત અથવા રદ કરવામાં આવ્યા છે. નવી હોલમાર્કિંગ પ્રક્રિયાઓ (HUID) માં જવેલરી કાપવા, ગલન અને સ્ક્રેપિંગનો સમાવેશ થાય છે, જે વેચવાનો છે. જ્યારે જવેલરીને નુકસાન થયું હોય ત્યારે હોલમાર્કિંગની સમગ્ર પ્રક્રિયા હારી જાય છે. આગળ, આ પ્રક્રિયા ત્વરિત ગ્રાહક મૈત્રીપૂર્ણ સેવાઓને દૂર કરે છે, જે આ ક્ષેત્રની સૌથી મોટી યુએસપી છે. જ્વેલર્સનું નામ, જ્વેલરીમાંથી કાઢી નાખવું ગ્રાહકોના હિત માટે હાનિકારક હશે જયારે તેઓ જવેલરની ઓળખની અછત માટે વેચવા અથવા વિનિમય કરવા માંગશો

જ્વેલર્સ દ્વારા પ્રસ્તાવિત હોલમાર્કિંગ પોઈન્ટ ઓફ સેલ ઉપર આધારિત હોવું જોઈએ, જ્યારે વેચાણ સિવાય સ્ટોરેજ, ડિસ્પ્લે, ટ્રાન્ઝિટ, એક્ઝિબિટ ટુ સેલ, મેન્યુફેક્ચરિંગ વગેરે તમામ બીઆઈએસ એકટ અને રેગ્યુલેશનમાંથી દૂર કરવામાં આવે. હોલમાર્કિંગ (એચયુઆઈડી) ની નવી માર્કિંગ પ્રક્રિયામાં અમલન થઈ શકે તેવા પાલનને કારણે માત્ર ગ્રાહકો જ પ્રાપ્ત કરી શકતા નથી, જી એન્ડ જે ઉદ્યોગની આજીવિકા ઉપર ૧ કરોડ આશ્રિતો દાવ ઉપર લાગશે. જ્વેલરી ઉપર દંડ અને ફોજદારી પરિણામો, જેમણે જ્વેલરીનું ઉત્પાદન અથવા હોલમાર્કિંગ કર્યું નથી અને તેને વેપારીની જેમ વેચી દીધું છે, તે આખરે 'ઈન્સ્પેકટર રાજ' ના ડરથી વ્યવસાયોને બંધ કરી દેશે જે પહેલેથી જ શરૂ થઈ ગયું છે. નાગરિક ગુના માટે નોંધણી રદ કરવાની કઠોર જોગવાઈઓ આ વેપાર ઉપર લાદવામાં આવી છે, જયાં ફકત બીઆઈએસ અધિકારીના સ્ટ્રોકથી, લાખો કર્મચારીઓ, કારીગરો અને તેમના આશ્રિતોની આજીવિકા ગુમાવવી પડે છે. ભારતીય જ્વેલરી એક કલાનું સ્વરૂપ છે, અને તે એકરૂપ નથી, તેથી ઉદ્યોગે ધોરણ વધારવાની ભલામણ કરી છે. ઉદાહરણ તરીકે, ૨૨ કેટી-૯૧૬ થી ૯૧૮ માટે. ગ્રાહકોને ગુણવત્તાયુક્ત જ્વેલરી ઓફર કરવાની આ ઉદ્યોગની પ્રતિબદ્ધતા છે.

# ત્રીજી રસી ટૂંક સમયમાં: ઝાયડસ કેડિલાએ ‘જોયકોવ-ડી’ કટોકટીના ઉપયોગની મંજૂરી આપવાની ભલામણ કરી



દેશને ટૂંક સમયમાં બીજી કોરોના વિરોધી રસી મળી શકે છે. સરકારી નિષ્ણાત સમિતિએ ઝાયડસ કેડિલા તરફથી ત્રણ ડોઝની જોયકોવ-ડી રસી માટે કટોકટી મંજૂરીની ભલામણ કરી છે. સૂત્રોએ શુક્રવારે આ માહિતી આપી હતી.

કોવિડ-૧૯પર સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ) ની નિષ્ણાત સમિતિએ જોયકોવ-ડીને મંજૂરી આપવા માટે ઝાયડસ કેડિલાની અરજી પર વિચાર કર્યો. આ પછી, તેણે ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાને કટોકટીના ઉપયોગ માટે મંજૂરી આપવાની ભલામણ કરી છે.

અમદાવાદ સ્થિત ફાર્માસ્યુટિકલ મેજર ઝાયડસ કેન્ડીલાએ તેની રસી ઝાયકોબ-ડીના ઈમરજન્સી ઉપયોગ માટે ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) પાસેથી મંજૂરી માંગી હતી, જોકે ડીસીજીઆઈએ કંપનીને વધુ ડેટા આપવા જણાવ્યું હતું. હવે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ટૂંક સમયમાં તેને ઈમરજન્સી યુઝ ઓથોરિટી પાસેથી મંજૂરી મળી શકે છે.

જો આ રસી મંજૂર કરવામાં આવે તો તે દેશમાં ઉત્પાદિત ત્રીજી સ્વદેશી રસી હશે. આ પહેલા દેશમાં સ્વદેશી કોવિશિલ્ડ અને કોવાસીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

જોયકોવ-ડી એ ભારતીય ફાર્માસ્યુટિકલ કંપની ઝાયડસ કેડિલા દ્વારા વિકસિત રસી છે. ડીસીજીઆઈ પાસેથી મંજૂરી મળ્યા બાદ આ દેશની ત્રીજી સ્વદેશી ઉત્પાદિત રસી હોઈ શકે છે. ઘણી બાબતોમાં તેને સૌથી વિશેષ માનવામાં આવે છે. આ રસીની સૌથી મહત્વની બાબત એ છે કે તે વિશ્વની પ્રથમ ડીએનએ પ્લાઝમિડ રસી હશે. એટલું જ નહીં, દેશમાં સંચાલિત કોરોનાની અન્ય ત્રણ રસીઓ સિવાય જોયકોવ-ડીના ત્રણ ડોઝ આપવાની જરૂર રહેશે.

# દેવભૂમિ દ્વારકાજીલ્લાનું ગૌરવ વધારતા જામકલ્યાણપુરના ચિત્રકાર

દ્વારકા, તા.૨૧



દેવભૂમિ દ્વારકાના જામકલ્યાણપુરના ચિત્રકાર સામત બેલાએ " ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ "માં પોતાનું નામ અર્જિત કરી લંડન (યુ.કે.)ની સંસ્થા દ્વારા ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નો ખિતાબ મેળવ્યો છે. આ રેકોર્ડ માટે વિશ્વના ૭૯૭ ચિત્રકારોએ ઓનલાઈન લાઈવ પેઈન્ટિંગ કરી આ રેકોર્ડ બનાવ્યો હતો જેમાં સામત બેલાનો પણ સમાવેશ થયો છે. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ એ વિશ્વનો સૌથી મોસ્ટ પોપ્યુલર રેકોર્ડ છે. આહીર સામત બેલા હાલ ગવર્મેન્ટ પ્રાથમિક શાળામાં શિક્ષકની ફરજ બજાવે છે, તેમણે સ્ટેટ નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલે અનેક એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. આવડી મોટી સિદ્ધિઓ તેમણે એક નાનકડા ગામમાં રહી અને પ્રાપ્ત કરી છે જામકલ્યાણપુરમાં તેમની આર્ટ ગેલેરી અને આર્ટ સ્ટુડિયો જોવાલાયક છે આજુબાજુના લોકોને કદાચ ખ્યાલ પણ નહિ હોય પણ વિદેશના ફોરેનર પણ તેની આર્ટ ગેલેરીની મુલાકાત લઈ ચૂક્યા છે ત્યારે આપની આ કળાને બિરદાવવા યોગ્ય છે ગિનિસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ માં સ્થાન મેળવવા બદલ અભિનંદન.

### ચીન અને પાકિસ્તાન તો તાલિબાન સરકારને માન્યતા આપી ચુકયા

# અફઘાન લોકો સાથે ભારતના સબંધો ઐતિહાસિક : એસ જયશંકર



નવી દિલ્હી તા.૨૧

અફઘાનિસ્તાનમાં તાલિબાનનુ શાસન આવ્યા બાદ હવે ભારત સરકારે ત્યાં શરુ કરેલા હજારો કરોડો રુપિયાના પ્રોજેક્ટ પર જોખમ સર્જાયુ છે. ચીન અને પાકિસ્તાન તો તાલિબાન સરકારને માન્યતા આપી ચુકયા છે ત્યારે ભારત શું વલણ અપનાવશે તેના સવાલના જવાબમાં ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યુ હતુ કે, અફગાન લોકો સાથે ભારતના સબંધો ઐતિહાસિક છે અને તે ચાલુ જ છે. અત્યારે શરુઆતના દિવસો છે અને અમારુ ધ્યાન તમામ ભારતીય નાગરિકોની સુરક્ષા પર છે. અમે કાબુલમાં બદલાઈ રહેલી સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. તાલિબાન અને તેના પ્રતિનિધિઓ કાબુલમાં છે ત્યારે તેમની સાથે વાત કરવી પડશે. જોકે ભારત , અમેરિકા અને ચીન સહિતના ૧૨ દેશો પહેલા જ જાહેર કરી ચુક્યા છે કે, અફઘાનિસ્તાનમાં બળપૂર્વક સત્તા મેળવવા માંગતી સરકારને માન્યતા આપવામાં નહીં આવે. આ પહેલા પણ ભારતે તાલિબાનની મુલ્લા ઉમરના નેતૃત્વવાળી સરકારને માન્યતા આપવામાં આવી નથી. જોકે આ વખતે જાણકારોનો એક વર્ગ એવુ માની રહ્યો છે કે, ભારત પોતાના આ પ્રકારના વલણ પર ફરી વિચારણા કરી શકે છે. દુનિયાના ઘણા દેશોને એ વાતનો ડર લાગી રહ્યો છે કે, અફઘાનિસ્તાનમાં તાલિબાનના શાસનના કારણે આ દેશ ફરી આતંકી સંગઠનોનો અડ્ડો બની જશે.

# વિશ્વનો સૌથી રહસ્યમય કૂવો કોઈ માપી નથી શક્યું તળિયું!



આ વિશ્વમાં ઘણી એવી ઘટનાઓ બનતી હોય છે, જે ઘણી વખત લોકોને અચંબિત કરી દે છે. આવી જ કેટલીક રહસ્યમય ઘટનાઓ ચેક રિપબ્લિકના હોઉસ્કા કેસલમાં પણ બને છે. કહેવામાં આવે છે કે રહસ્યમય ખાડો છે, જેની ઊંડાઈ આજદિન સુધી કોઈ માપી શક્યો નથી. જેણે પણ તેને માપવાનો પ્રયત્ન કર્યો, તે સીધો નરકમાં જાય છે. આ હોઉસ્કા કેસલને વર્ષ ૧૨૫૩થી લઈ ૧૨૭૮ની વચ્ચે બનાવાયો હતો. આ ઘર બનાવવા પાછળ અહીં રહેતા ગ્રામજનોનો હેતુ એ રહસ્યમય ખાડાને ઢાંકવાનો હતો, જેની ઊંડાઈ અનંત છે. જેના કારણે લોકો તેને ‘નરકનો દરવાજો’ કહે છે. સ્થાનિક લોકોનું માનવું હતું કે આ રહસ્યમય ખાડા અંગે કહેવામાં આવે છે કે ૧૩મી સદીમાં એક કેદી સામે શરત રાખવામાં આવી કે તેની સજા માફ કરી દેવામાં આવશે, પરંતુ તેને જોવું પડશે કે આ ખાડો કેટલો ઊંડો છે. શરત સ્વીકાર્યા પછી તેને રસ્સા દ્વારા બાંધી એ ખાડામાં ઉતારવામાં આવ્યો, પરંતુ થોડાક જ સેકન્ડ પછી તેની ચીસો સંભળાઈ. જ્યારે કેદીને બહાર કાઢવામાં આવ્યો તો તે લગભગ વૃદ્ધ થઈ ગયો હતો. તેની ઉંમર સામાન્ય કરતા વધી ગઈ હતી.

હોઉસકા કેસલની અંદર કામ કરતા લોકો હંમેશા દાવો કરે છે કે તેમને ઈમારતના નીચેના માળે અજીબોગરીબ અવાજ સંભળાય છે. ઘણી વખત ત્યા ફરવા આતા લોકોએ પણ ચીસો સાંભળી છે.

આ ઘરના માલિકનો પણ દાવો છે કે તેણે વ્યક્તિગત રીતે ઈમારતની અંદર અસાધારણ ગતિવિધિઓ જોઈ છે. એક વખત તો તે તેના મિત્રો સાથે ઘરની અંદર પાર્ટી કરી રહ્યો હતો, ત્યારે તેના ડિનર ટેબલ પરનો ગ્લાસ અચાનક હવામાં ઉડવા લાગ્યો. આ જોઈ તમામ સ્તબ્ધ રહી હતા અને ત્યાંથી તરત ભાગી ગયા.

